પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૭૦ • કુલ પાના : ૪ • તારીખ : ૧૪-૧૧-૨૦૨૨ સોમવાર • કિંમત રૂ.૧.૫૦/-

આધસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

વાઘોડિયાના દબંગ ધારાસભ્યના ભાજપને રામ-રામ:

હું એગ્રોનો ચેરમેન હતો ને મેં ૩૦૦ કરોડનું કૌભાંડ પકડ્યું તો પાર્ટીએ મારૂ રાજીનામું માગ્યું હતું: મધુ શ્રીવાસ્તવ

વડોદરા, વડોદરા જિલ્લાના વાઘોડિયાના ભાજપના દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ભાજપમાંથી રાજીનામું આપ્યું છે. હવે મધુ શ્રીવાસ્તવ અપક્ષ ચૂંટણી લડી શકે છે. મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, મારી ટિકિટ કપાતા મારા કાર્યકરો રોષે ભરાયા હતા. જેથી હું ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપું છું. બે દિવસમાં કાર્યકરો અને કમિટી નક્કી કરે તે પ્રમાણે હું નિર્ણય કરીશ. કાર્યકરો કહેશે તો હું અપક્ષ ચૂંટણી લડીશ. હું આજે ભાજપને રામ રામ કહું છું.વધુમાં તેઓઓ જણાવ્યું હતું કે, મને ત્રણ વર્ષ માટે એગ્રોનો ચેરમેન બનાવ્યો હતો. બે વર્ષ કોરોનામાં ગયા, છેલ્લુ એક વર્ષ બાકી હતું. એક વર્ષમાં મેં ૩૦૦ રૂપિયાનું કૌભાંડ પકડ્યું હતું. જેમાં મેનેજર આસિસ્ટન્ટ મેનેજર અને એમ.ડી.ને સસ્પેન્ડ કર્યા હતા. મેં ગાંધીનગર એગ્રોની ઓફિસમાં જઈને ૩૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ ઝડપ્યું હતું. તે સમયે પણ મને બોલાવીને પાર્ટીએ જબરદસ્તી રાજીનામું માંગ્યુ હતું.

મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, હું ભાજપના તમામ હોદ્દા પરથી રાજીનામું આપું છું. લાંબા સમયથી હું ભાજપનો કાર્યકર રહ્યો છું. પાર્ટીએ મને ધારાસભ્ય તરીકે સેવાની તક આપી. પરંતુ ભાજપે ઉમેદવારી માટે ટિકિટ ન ફાળવતા હવે હું સમાજની સેવા કરવા માગું છું. ત્યારે મારા કાર્યકરો અને શુભેચ્છકો સાથે ચર્ચા-વિચારણા કરી હું ભાજપના પ્રાથમિક સભ્યપદથી રાજીનામું આપું છું અને મારા ૫૦૦ કાર્યકરો સાથે ભાજપમાંથી રાજીનામું આપું છું. અપક્ષ ચૂંટણી લડવી કે નહીં તે અંગે આગામી સમયમાં નિર્ણય કરીશ.

ગૃહમંત્રીને ન મળવા બાબતે તેમણે જણાવ્યું હતું કે, હું તો દર્શન કરવા ગયો હતો અને હર્ષ સંઘવી કોણ? મારાથી ઉંમરમાં નાના, એ મને મનાવી શકે કે, હું એમને મનાવી શકું. એ પાર્ટીએ નક્કી કરવાનું. રૂપાણી અને મોટા લોકોને મોકલ્યા હોત તો કોઈ રસ્તો નીકળ્યો હોત. છોકરા જેવુ મનાવવા નીકળે એ શક્ય નથી. મારે અમિત શાહ સાથે પણ વાત થઈ હતી. એમને કહ્યું હતું કે, તમે ના લડો. મેં એમને કહ્યું કે, મારી કારકિર્દી પૂરી કરી દીધી છે. તેમને મને બે દિવસ રોકાવવા કહ્યું હતું કે, બે દિવસ રોકાઈ જાવ તો હું બે દિવસ રોકાઈ ગયો હતો. પરંતુ, કોઈ નિર્ણય ન લેવાતા મેં આ નિર્ણય કર્યો છે.વડોદરા જિલ્લાના વાઘોડિયા બેઠકના દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવની ટિકિટ ભાજપે કાપી હતી. જેને પગલે મધુ શ્રીવાસ્તવે અપક્ષ ચૂંટણી લડવાની તૈયારી કરી દીધી હતી. બે દિવસ પહેલાં જ મધુ શ્રીવાસ્તવે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, હું ચૂંટણી લડીશ તો અપક્ષ તરીકે લડીશ, બીજી કોઈ પાર્ટીમાં નહીં જઉં. હું ભાજપનો છું અને ભાજપમાં જ રહેવાનો છું. ચૂંટણી લડ્યા પછી પણ ભાજપને જ સપોર્ટ કરવાનો છું. બે દિવસમાં કાર્યકર્તાઓને ભેગા કરીને કાર્યકર્તાઓ જે નિર્ણય લેશે, તેના આધારે હું ચાલવાનો છું.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, પાર્લામેન્ટ્રી બોર્ડે જે નિર્ણય કર્યો તે શિરોમાન્ય છે. હવે કાર્યકર્તા વડે હું અપક્ષ કોર્પોરેટર બન્યો, ત્યારબાદ એ જ કાર્યકર્તાઓ વડે ધારાસભ્ય બન્યો. વડોદરા અને વાઘોડિયાના એ કાર્યકર્તાઓને બે દિવસમાં ભેગા કરીને કાર્યકર્તા જે નિર્ણય લેશે તેના આધારે હું ચાલવાનો છું. કાર્યકર્તાઓ કહેશે કે કોઈ કાર્યકર્તાને ચૂંટણી લડાવવાની છે, તો તેને લડાવીશું. કર્તાકર્તાઓ કહેશે મધુભાઈ તમે લડો તો જ હું ચૂંટણી લડીશ. તેમાં શંકાને કોઈ શંકાને સ્થાન નથી.

તેમણે ઉમેર્યુ કે, પાર્લામેન્ટ્રીવાળા દિલ્હીમાં બેઠા છે. જાતિવાદી ટિકિટ આપવાની હોય, બે દરબારો અને બે પટેલોને આપો. હું એ જ્ઞાતિમાં નથી આવતો હું પરપ્રાંતીયમાં આવું છું. મારો ગુજરાતીઓ સાથે વર્ષોથી સંબંધ છે. મને રિપીટ કરવાના જ હતા. કોઈક લોકોએ ભરમાવતા અને જુઠ્ઠું બોલવાના કારણે ત્યાં અહેવાલ પહોંચ્યો હતો. હું જીતીને ભાજપમાં જ છું. હું જાતે જ લડવાનો છું અને જીતીને ભાજપમાં જ જવાનો છું.

વડોદરા જિલ્લાની વાઘોડિયા વિધાનસભાની ગત સપ્તાહે યોજાયેલી સેન્સપ્રક્રિયા બાદ ૨૭ ઉમેદવારની યાદી નક્કી કરાઈ હતી. જોકે તેમ છતાં રવિવારે સાંકરદા ખાતે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ગુપ્ત મિટિંગ કરી હતી, જેમાં વાઘોડિયા વિધાનસભાના ઉમેદવારોની ફરીથી સેન્સ લેવામાં આવી હોવાની માહિતી મળી છે. મળતી માહિતી મુજબ, શનિવારે ગાંધીનગર ખાતે મળેલી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ઉમેદવારની પસંદગીમાં સર્વ સંમતિ સધાઈ નહોતી, જેને કારણે મંત્રી પુરુષોત્તમ રૂપાલા વડોદરા આવ્યા હતા. સાંકરદા ખાતે ફાર્મહાઉસમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદ રંજનબેન ભટ્ટ, જિલ્લા પ્રમુખ અશ્વિન પટેલ તેમજ વડોદરા જિલ્લા અને તાલુકાના સંગઠન મંત્રીઓ હાજર રહ્યા હતા. જોકે વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને દૂર રાખવામાં આવ્યા હતા.

ઉદયપુર-અમદાવાદ રેલવે ટ્રેક પર બ્લાસ્ટ, ૧૩ દિવસ પહેલાં ઁ મોદીએં ઉદ્ઘાટન કર્યું હતુ



ઉદયપુર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૧૩ દિવસ પહેલા શરૂ થયેલ ઉદયપુર-અમદાવાદ રેલવે લાઈન પર શનિવારે રાત્રે બ્લાસ્ટ થતા ડરનો માહોલ બની ગયો હતો. પ્રથમ દ્રષ્ટિએ રેલવે ટ્રેકને ઉખાડવાના પ્રયાસમાં બ્લાસ્ટ કરવામાં આવ્યો છે અને ઘટનાસ્થળેથી દારૂગોળો મળી આવ્યો છે. હકીકતમાં ઘટનાસ્થળ આસપાસ માઈનિંગ એરિયા પણ છે. પોલીસ અને રેલવે અધિકારીઓએ તપાસ શરૂ કરી દીધી છે. ઘટનાસ્થળના બંને તરફ ટ્રેનની અવરજવર બંધ છે. સ્થાનીક ગ્રામીણોની સજાગતાથી આ નવા રૂટ પર મોટી દુર્ઘટના ટળી ગઈ છે. સૂત્રો પ્રમાણે ઘટના શનિવારે મોડી રાત્રે સલૂમ્બર માર્ગ પર કેવડેની નાલમાં ઓઢા રેલવે પુલની છે. અહીં પાછલી રાત્રે ૧૦ કલાકે ગ્રામીણોને આસપાસ ધમાકાનો અવાજ સાંભળવા મળ્યો હતો. ત્યારબાદ કેટલાક યુવા તત્કાલ પાટા પાસે પહોંચ્યા હતા. ત્યાંની સ્થિતિ જોઈને ચોંકી ગયા હતા. તેમણે જણાવ્યું કે રેલવે લાઈન પર વિસ્ફોટક હતો. એમ લાગી રહ્યું હતું કે રેલવે પુલને ઉડાવવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હોય.પાટા ઘણી જગ્યાએથી તૂટી ચુક્યા છે. પુલ પર લાઈનથી નટ-બોલ્ટ પણ ગાયબ મળ્યા હતા. ટ્રેક પર લોખંડ ઉખડેલું જોવા મળ્યું હતું. ઉદયપુર પોલીસ અધીક્ષક વિકા શર્માએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે એફએસએલ ટીમ સ્થળ પર છે. તપાસ બાદ સ્થિતિ સામે આવશે. રેલવે અજમેર મંડળના જનસંપર્ક અધિકારી અશોક ચૌહાણે જણાવ્યું કે ઘટના થઈ છે, તપાસ ચાલી રહી છે. ઘટનાસ્થળની બંને તરફ ટ્રેનની અવરજવર રોકી દેવામાં આવી છે.

ચૌહાણે જણાવ્યું કે રેલવે દ્વારા લાઈનને ઠીક કરવાનું કામ ચાલી રહ્યું છે. હાલ અમદાવાદ અસારવા ટ્રેન ડૂંગરપુરથી અસારવા સુધી સંચાલિત થશે. ઉદયપુર-અસારવા ટ્રેન દરરોજ સાંજે ૫ કલાકે રવાના થાય છે. જે રાત્રે ૧૧ કલાકે આસરવા પહોંચે છે. આ રીતે અસારવા-ઉદયપુર દરરોજ સવારે ૬.૩૦ કલાકે રવાના થઈને બપોરે ૧૨.૩૦ કલાકે ઉદયપુર સિટી સ્ટેશન પહોંચે છે.

અમેરિકાનું માનવરહિત સ્પેસ પ્લેન પૃથ્વી પર પરત ફર્યું, ભ્રમણકક્ષામાં વિક્રમી ૯૦૮ દિવસ વિતાવ્યા

માનવરહિત યુએસ મિલિટરી સ્પેસ પ્લેન શનિવારે તેનું છઠ્ઠું મિશન પૂરું કરીને પૃથ્વી પર પાછું ફર્યું. આ વિમાને તેની ભ્રમણકક્ષામાં રેકોર્ડ ૯૦૮ દિવસ પસાર કર્યા. આ વિમાન વિજ્ઞાનના પ્રયોગ માટે આટલા દિવસો સુધી અવકાશની કક્ષામાં હતું. તેનું અગાઉનું મિશન ૭૮૦ દિવસ સુધી ચાલ્યું હતું. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

બોઈંગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને એરક્રાફ્ટના ડેવલપર જિમ ચિલ્ટને જણાવ્યું હતું કે ઠ-૩૭મ્એ ૨૦૧૦માં તેના પ્રથમ લોન્ચ બાદ અનેક રેકોર્ડ તોડ્યા છે. આનાથી આપણા દેશને નવી અવકાશ તકનીકોનું ઝડપથી પરીક્ષણ અને સંકલન કરવાની અજોડ ક્ષમતા મળી છે. આ પ્રથમ વખત છે જ્યારે સ્પેસ પ્લેન સર્વિસ મોડ્યુલ તરીકે કામ કરે છે.

સુરક્ષિત ઉતરાણ સુનિશ્ચિત કરવા માટે ભ્રમણકક્ષામાંથી બહાર આવતા પહેલા જ મોડ્યુલને વાહનમાંથી અલગ કરવામાં આવ્યું હતું. આ અવકાશ વિમાને નેવલ રિસર્ચ લેબોરેટરી, યુએસ એરફોર્સ એકેડમી અને અન્ય લોકો માટે પ્રયોગો કર્યા હતા. પ્રયોગોમાં ફાલ્કનસેટ-૮ નામનો ઉપગ્રહ હતો, જે યુએસ એર ફોર્સ રિસર્ચ લેબોરેટરી સાથે ભાગીદારીમાં એકેડેમી કેડેટ્સ દ્વારા ડિઝાઈન અને બનાવવામાં આવ્યો હતો. તે ઓક્ટોબર ૨૦૨૧ માં તૈનાત કરવામાં આવ્યું હતું.

એકસ ૩૭ બી અત્યાર સુધીમાં ૧.૩ અબજ માઈલથી વધુ ઉડાન ભરી ચૂક્યું છે અને કુલ ૩૭૭૪ દિવસ અવકાશમાં વિતાવ્યા છે. બીજા પ્રયોગે બીજ પર લાંબા ગાળાના અવકાશના સંપર્કની અસરોનું મૂલ્યાંકન કર્યું. સ્પેસ ઓપરેશન્સના ચીફ જનરલ ચાન્સ સાલ્ટ્ઝમેને જણાવ્યું હતું કે આ મિશન સ્પેસ ફોર્સના ફોકસને હાઈલાઈટ કરે છે અને એર ફોર્સ વિભાગની અંદર અને બહાર અમારા ભાગીદારો માટે અવકાશમાં ઓછા ખર્ચે પહોંચનો વિસ્તાર કરે છે.ગયા મહિને, યુએસ સ્પેસ એજન્સીએ જાહેરાત કરી હતી કે તે આવતા વર્ષે ઓક્ટોબરમાં સાયક મિશન લોન્ચ કરશે. વોશિંગ્ટનમાં નાસાના સાયન્સ મિશન ડિરેક્ટોરેટના એસોસિયેટ એડમિનિસ્ટ્રેટર થોમસ ઝુબરચેને જણાવ્યું હતું કે, સાયકમાંથી શીખેલા પાઠ અમારા સમગ્ર મિશન પોર્ટફોલિયોમાં લાગુ કરવામાં આવશે. આ વર્ષની શરૂઆતમાં મિશન ડેવલપમેન્ટ સમસ્યાઓને કારણે સાયકે તેનો ૨૦૨૨નો આયોજિત લોન્ચ પિરિયડ ચૂકી ગયો હતો. આ પછી ૨૦૨૩ માં સફળતાપૂર્વક લોન્ચ કરવા માટે મિશન આ મુદ્દાઓને ઉકેલવામાં સક્ષમ હશે કે કેમ તે અંગેની આંતરિક સમીક્ષા કરવામાં આવી હતી.

નેપાળમાં ૨૦ નવેમ્બરે ચૂંટણી

ભારત-નેપાળ વચ્ચેના કાલાપાની ક્ષેત્રનો વિવાદ ઓલી પોતાની રેલીઓમાં ઊઠાવી રહ્યા છે.

પૂર્વ પીએમ ઓલીની સ્વિંગ વૉટરોને સાધવાની વ્યૂહરચના

કાઠમાંડૂ, નેપાળમાં ૨૦ નવેમ્બરે ચૂંટણી યોજાશે. રાજકારણ પણ ગરમાયું છે. મુખ્ય મુકાબલો સત્તારુઢ નેપાળી કૉંગ્રેસના વડા અને વર્તમાન વડાપ્રધાન શેર બહાદુર દેઉબા તથા પૂર્વ વડાપ્રધાન કે.પી.શર્મા ઓલીની નેપાળ કમ્યુનિસ્ટ પાર્ટી વચ્ચે છે. પડકાર ફેંકનારા ઓલી રાષ્ટ્રવાદી મુદ્દાને ઉછાળી સ્વિંગ વૉટરોને પોતાની તરફેણમાં કરવા પ્રયાસ કરી રહ્યા છે.ઓલી તેમની રેલીઓમાં ભારત-નેપાળ વચ્ચેના કાલાપાની ક્ષેત્રનો વિવાદ ઊઠાવી રહ્યા છે. તે કહે છે કે હું દેશની એક ઈંચ જમીન પણ જવા નહીં દઉં. તેમણે કહ્યું કે પીએમ બનતા જ હું ભારત સાથેના સરહદી વિવાદનો ઉકેલ લાવી દઈશ. રાજકીય જાણકારો કહે છે કે ૨ વર્ષથી વધુ સત્તામાં રહેવા છતાં ઓલીએ આ વિવાદને ઉકેલવાના કોઈ પ્રયાસો નહોતા કર્યા. પીએમ તરીકે ઓલીએ વિવાદિત ક્ષેત્રોને નેપાળની સરહદમાં દર્શાવતા નવો નકશો જાહેર કર્યો હતો.

નેપાળી કૉંગ્રેસના વડા અને વર્તમાન વડાપ્રધાન શેર બહાદુર દેઉબાએ કહ્યું કે ઉશ્કેરવા કે શાબ્દિક યુદ્ધની જગ્યાએ હું ભારત સાથે કૂટનીતિ અને વાતચીતના માધ્યમથી વિવાદને ઉકેલવા પ્રયાસ કરી રહ્યો છું. ત્રિભુવન યુનિવર્સિટીના પ્રો.પ્રેમ ખનલે કહ્યું કે ચૂંટણીમાં આંતરરાષ્ટ્રીય મુદ્દાને એક મોટી પાર્ટી તરફથી ઉઠાવવા તે યોગ્ય બાબત નથી. તેનાથી પાડોશી દેશો સાથે સંબંધો બગડે છે. સાથે જ દુનિયાભરમાં સારો મેસેજ જતો નથી. ચૂંટણીમાં આ પ્રકારના આંતરરાષ્ટ્રીય મુદ્દાને કોઈપણ પાર્ટી વતી ન ઊઠાવવા જોઈએ.

નેપાળમાં નવી સરકારની રચનામાં નાના પક્ષોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બનવાના અણસાર છે. નેપાળમાં ગત અમુક દાયકાનો રાજકીય ઈતિહાસ નાના પક્ષોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે. ચૂંટણી પંચે કહ્યું કે ચૂંટણી માટે તમામ તૈયારીઓ કરી લેવાઈ છે. ૩ લાખ સુરક્ષાકર્મી અને એક લાખ લોકસેવક ચૂંટણી ડ્યુટી પર તહેનાત કરાયા છે. ભારતે ચૂંટણીપંચને અલગ અલગ પ્રકારના ૮૦ નવા વાહનો આપ્યા છે.

નેપાળના રાજકીય પક્ષોમાં અમેરિકા અને ચીન દ્વારા આર્થિક મદદ અંગે પણ મતભેદો જોવા મળી રહ્યા છે. સત્તારુઢ નેપાળી કૉંગ્રેસે અમેરિકી મિલેનિયમ ચેલેન્જ કોઓપરેશન હેઠળ ૪૨ હજાર કરોડની આર્થિક મદદ સ્વીકારી હતી. જોકે કે.પી.શર્મા ઓલીની પાર્ટી ચીન સાથે બીઆરઆઈ કરાર પર વધુ ઉત્સુક દેખાય છે. નાના પક્ષોએ વિદેશી મદદ અંગે ચૂંટણી પ્રચારમાં તેમનું વલણ સ્પષ્ટ નથી કર્યું.

બાબા રામદેવની દિવ્ય ફાર્મસીની દવાઓ પરથી ત્રણ જ દિવસમાં પ્રતિબંધ હટાવી દેવાયો

દહેરાદુન, ઉત્તરાખંડ આયુર્વેદ અને યુનાની લાઈસન્સિંગ ઓથોરિટીએ શનિવારે સત્તાવાર માહિતી શેર કરી હતી. દિવ્યા ફાર્મસીનો દાવો છે કે આ દવાઓ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ગોઈટર, ગ્લુકોમા અને ઉચ્ચ કોલેસ્ટ્રોલની સારવાર કરી શકે છે. ઉત્તરાખંડ ડ્રગ રેગ્યુલેટરે આ મામલે સ્પષ્ટતા કરતા કહ્યું કે અમે અગાઉનો આદેશ ઉતાવળમાં જારી કર્યો હતો અને તે એક ભૂલ હતી. અગાઉ ૯ નવેમ્બરના રોજ રાજ્ય સત્તાધિકારીએ બીપી ગ્રિટ, મધુગ્રિટ, થાઈરોગ્રિટ, લિપિડોમ અને ઈગ્રિટ ગોલ્ડ ટેબ્લેટ નામની દવાઓ પર પ્રતિબંધનો આદેશ આપ્યો હતો.હવે ઉત્તરાખંડના ડ્રગ રેગ્યુલેટર ડૉ. જીસીએન જંગપાંગીએ શનિવારે જારી કરેલા પત્રમાં જણાવ્યું હતું કે, "આ ડિરેક્ટોરેટ દ્વારા જારી કરાયેલ ૯ નવેમ્બરના રોજના અગાઉના આદેશમાં સુધારો કરીને અમે દવાઓ (પાંચ ઉત્પાદનો)નું ઉત્પાદન પહેલાની જેમ ચાલુ રાખવાની મંજૂરી આપીએ છીએ."જંગપાંગીએ કહ્યું, 'અમે અગાઉનો આદેશ ઉતાવળમાં જારી કર્યો હતો અને તે એક ભૂલ હતી.અમે દિવ્યા ફાર્મસીને નવો ઓર્ડર જારી કરીને પાંચ દવાઓ (ઉત્પાદનો)નું ઉત્પાદન ચાલુ રાખવાની મંજૂરી આપી છે.જંગપાંગીએ એચટીને જણાવ્યું હતું કે, ઉત્પાદન પર પ્રતિબંધ મૂકતા પહેલા અમે કંપનીને તેનું સ્ટેન્ડ સ્પષ્ટ કરવા માટે સમય આપવો જોઈતો હતો.

પંજાબ યુનિવર્સિટી કેન્દ્ર સરકારને નહીં સોંપીએ-પંજાબ સરકાર

ચંડીગઢ, હાલ દિલ્હીમાં વધી રહેલા પ્રદુષણને લઈને કેન્દ્ર સરકાર અને પંજાબ સરકાર આમને સામને છે. કેન્દ્ર સરકાર પદુષણ માટે પંજાબના ખેડૂતોને જવાબદાર માની રહી છે તો બીજી તરફ પંજાબ સરકાર આરોપ લગાવી રહી છે કે કેન્દ્ર સરકાર પંજાબના ખેડૂતોને બદનામ કરી રહી છે.ઁહદ્ધઢ્ઢઁ હેદ્દીજિંઅ આ મુદ્દે વાત કરતા પંજાબના મંત્રી ગુરમીત સિંહ મીત હેયરે કહ્યું કે, પંજાબમાં વાર્ષિક ૨૦૦ લાખ ટન પરાળી નીકળે છે. આનો નિકાલ સરળ નથી. સરકારે પરાળી મેનેજમેન્ટ પ્લાન્ટ સ્થાપ્યો છે અને ખેડૂતોને પ્રતિ એકર ૫૦૦ રૂપિયા પણ આપી રહી છે. એપ દ્વારા ખેડૂતોને મશીનો પણ આપવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત, અમે પંજાબ યુનિવર્સિટીને ૬૦% હિસ્સો આપવા તૈયાર છીએ પરંતુ તેને કોઈપણ સંજોગોમાં કેન્દ્ર સરકારને સોંપીશું નહીં. તેમણે આગળ કહ્યું કે, પંજાબમાં આ પહેલા ક્યારેય આવી સરકાર બની નથી, જેના મંત્રીઓ પહેલા છ મહિનામાં મેદાનમાં ગયા હોય અને લોકોને મળ્યા હોય અને તેમની વાત સાંભળી હોય. અમારી સરકાર આવતા જ કામ કરવા લાગી છે. અમારા મંત્રીઓ લોકો વચ્ચે જઈ તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવી રહ્યા છે. સ્થળ પર જ અનેક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. અમારી સરકારે ૧૮૩ સેવાઓ ઓનલાઈન કરી છે, જેથી લોકોને વારંવાર ઓફિસોમાં જવું ન પડે. વિવિધ પ્રમાણપત્રો વોટ્સએપ પર ઉપલબ્ધ થઈ જશે.

તેઓએ આગળ કહ્યું કે, અગાઉની સરકારોમાં શિક્ષકો ૧૮-૧૮ વર્ષથી કામ કરતા હતા, તેઓને અમારી સરકારે કાયમી કર્યા છે. સરકાર રાજ્યમાં ૨૬૦૦ કરોડનું રોકાણ લાવવામાં સફળ રહી છે, જેનાથી રોજગારીની તકો વધશે. અહીં તેઓએ કહ્યું કે, પંજાબ યુનિવર્સિટી પંજાબની વિરાસત છે, જે પંજાબના ગામડાઓને બરબાદ કરીને બનાવવામાં આવી છે. યુનિવર્સિટી શરૂ કરવામાં આવી ત્યારે તેમાં પંજાબ, હરિયાણા, હિમાચલ અને ચંદીગઢના શેર હતા. બાદમાં હરિયાણા અને હિમાચલ તેમાંથી બહાર નીકળી ગયા. પંજાબ ૬૦% હિસ્સો આપવા તૈયાર છે. પરંતુ અમે તેને કોઈપણ સંજોગોમાં કેન્દ્રને સોંપીશું નહીં.

નીતિશ કુમાર ફરી એક વાર દગો કરવાની તૈયારીમાં, મહાગઠબંધનને ઝટકો આપશે

પટણા, બિહારના રાજકારણમાં ફરી એક વાર હોબાળો થવાનો છે. તેના સંકેત અત્યારથી જ મળવા લાગ્યા છે. આ દાવો અમે નહીં પણ નેતાઓના નિવેદનોથી લાગી રહ્યું છે કે કંઈક ખિચડી રંધાઈ રહી છે. કહેવાય છે તો એવું કે જેડીયૂ સંસંદીય બોર્ડના અધ્યક્ષ ઉપેન્દ્ર કુશવાહા એનડીએ નેતાઓના સંપર્કમાં છે. આ દાવો આરએલજેપીના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રવણ કુમાર અગ્રવાલે કર્યો છે. શ્રવણ કુમારે કહ્યું કે, બહું જલ્દી નીતિશ કુમાર ઉપેન્દ્ર કુશવાહ સાથે દગો પાર્ટ ૩ને અંજામ આપશે. નીતિશ કુમાર તેમની સાથે બે વખત દગો આપી ચુક્યા છે. બીજી બાજૂ ભાજપ દાવો કરે છે કે જેડીયૂના કેટલાય નેતા અને મંત્રી તેમના સંપર્કમાં છે. બહુ જલ્દી મહાગઠબંધનને ઝટકો લાગવાનો છે.

રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રવણ કુમાર અગ્રવાલે કહ્યું કે, નીતિશ કુમારના કારણે ઉપેન્દ્ર કુશવાહાને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. તેમણે કહ્યું કે, નીતિશ કુમારે ઉપેન્દ્ર કુશવાહને લાલચ આપીને ફસાવીને તેમની પાર્ટીને ખતમ કરી નાખી. નીતિશ કુમારે લવ કુશનો નારો આપીને ૧૭ વર્ષ સુધી સત્તામાં રહ્યા, પણ કુશવાહા સમાજ અને અતિ પછાત વર્ગની ઉપેક્ષા કરતા રહ્યા.

આ બાજૂ ભાજપ નીતિશ કુમાર સાથે સાથે મહાગઠબંધનને ઝટકો આપવાની તૈયારી કરી રહ્યા છે. ભાજપના પ્રવક્તા નિખિલ આનંદે ટ્વિટ કરીને દાવો કર્યો છે કે જેડીયૂના કેટલાય લોકો ભાજપના સંપર્કમાં છે. નિખિલ આનંદના જણાવ્યા અનુસાર, તેમાં મત્રીઓના નામ સામેલ છે.

નિખિલ આનંદે ટ્વિટ કર્યું છે કે, જેડીયૂના કેટલાય લોકો ભાજપના સંપર્કમાં છે, જે હાલમાં મંત્રી છે. એનડીએ સરકારમાં જેડીયૂ કોટાના કેટલાય મંત્રી મહાગઠબંધની નવી સરકારમાં ફરીથી મંત્રી નહીં બનાવતા નારાજ છે. આવી જ રીતે બે લોકો ભાજપ સાથે સીધો સંપર્ક કરીને આગળની રણનીતિ અંતર્ગત ભાજપમાં જોડાવાનો સંકલ્પ કરશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહિસાગર જીલ્લામાં ૮૦ વર્ષથી વધુ વયના અને ૪૦ ટકાથી વધુ દિવ્યાંગ મતદારોના ઘરે બેઠા મતદાનની સુવિધાઃ પોસ્ટલ બેલેટથી મતદાન કરાવવા નાગરિકોનો સંપર્ક શરૂ

મહીસાગર જિલ્લામાં ૮૦ વર્ષથી વધુ ઉંમરના ૧૭૧૯૧ મતદાર અને ૪૦ ટકાથી વધુ ૫૯૨૪ મતદાર.

લુણાવાડા,

ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે પ્રથમવાર ૮૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન અને દિવ્યાંગ અને કોવિડ પ્રભાવિત મતદારોને ઈચ્છે તો તેમને ઘરેબેઠા પોસ્ટલ બેલેટ મારફતે મતદાન કરવાની સુવિધા આપવામાં આવવાની છે. જેને લઈને મહીસાગર જિલ્લા ચૂંટણી શાખાની ટીમ દ્વારા ડોર ટુ ડોર સંપર્ક શરૂ કરવામાં આવ્યો છે. BLO દ્વારા આ માટે વરીષ્ઠ નાગરિકોનું ૧૨/D ફોર્મ ભરવાની શરૂઆત કરાઈ છે. જિલ્લામાં ત્રણ વિધાનસભા ૮૦ વર્ષથી ઉપરના ૧૭૧૯૧ મતદારો છે, જ્યારે ૫૯૨૪ દિવ્યાંગ મતદારો છે. તંત્ર દ્વારા તમામ મતદારોના ઘરે જઈને સંપર્ક કરવામાં આવી રહ્યો છે. જેમાં આ મતદારો મતદાન મથક સુધી આવી શકે તેવી સ્થિતિમાં છે કે નહીં, તેઓ ઘરેબેઠા મતદાનની ઈચ્છા ધરાવે છે કે નહીં તે પ્રકારની માહિતી એકત્ર કરી આ ઉપરાંત ઘરેબેઠા મતદાન માટે જરૂરી પ્રક્રિયા, ભરવાના થતા ફોર્મ વગેરેની સમજ આપવામાં આવી રહી છે. જેમાં ઘરેથી પોસ્ટલ બેલેટ મારફતે મતદાન કરવા માટે ચૂંટણીનું જાહેરનામું બહાર પડ્યાના પાંચ દિવસ સુધીમાં ફોર્મ ભરી આપવામાં આવશે. જેથી બૂથ લેવલ ઓફિસર દ્વારા આવા મતદારોના ઘરની મુલાકાત લઈને ફોર્મ પહોંચાડવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા તૈયાર થયેલી આવા મતદારોની યાદી રાજકીય પક્ષોના ઉમેદવારોને પણ અપાશે. જેથી સાક્ષી તરીકે તેઓ પોતાના પ્રતિનિધિને નિયુક્ત કરી શકશે. સમગ્ર પ્રક્રિયા બાદ અધિકારીઓની ટીમ પોલીસ અને વીડિયોગ્રાફરને સાથે મતદારના ઘરે જશે અને ગુપ્તતાનો ભંગ ન થાય તેવી રીતે મતદાન કરાવશે. ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમવાર ૮૦ વર્ષથી વધુ વયના ઉમેદવારોને ઘેર બેઠા મતદાન કરી શકે તે માટે વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. પંચ દ્વારા ડોર ટુ ડોર સર્વે કરીને સિનિયર સિટીઝન તથા દિવ્યાંગ મતદારોના ફોર્મ ભરવાની શરૂઆત કરવામાં આવી છે. તેઓ મતદાન મથક સુધી આવવાની સ્થિતિમાં ન હોય તો ઘેર બેઠા મતદાનની વ્યવસ્થા કરાશે.

૧૨૩ સંતરામપુર વિધાનસભાના ઉમેદવાર તરીકે પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોરને ફરીવાર વિધાનસભાના ઉમેદવાર તરીકે નિયુક્તિ થવા બદલ સંયુક્ત બેઠક યોજાઈ

સંતરામપુર,

આ પ્રસંગે જીલ્લા પ્રમુખ દશરથભાઈ બારિયા, મહામંત્રી રાવજીભાઈ પટેલ, જીલ્લા પ્રભારી વેચાતભાઈ બારીઆ, સંતરામપુર તાલુકા મંડળના પ્રમુખ બળવંતભાઈ પટેલીયા, મહામંત્રી છગનભાઈ માલ અને સંજયભાઈ પટેલ, નગર સંગઠન પ્રમુખ સંદિપભાઈ ભોઈ, મહામંત્રી મનોજભાઈ ગૌતમ, કડાણા તાલુકા પ્રમુખ જયંતિભાઈ પટેલ, મહામંત્રી કે.પી.ડામોર અને વિજયભાઈ સેવક, APMCના ચેરમેન અંબાલાલ પટેલ, વડીલ લાલજીભાઈ ડામોર, શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ, એસ.સી. મોરચાના પ્રમુખ દિપકભાઈ ચાવડા, ઉપપ્રમુખ અંબાલાલ પટેલ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખ કમલેશભાઈ પાદરીયા, ઉપપ્રમુખ શાંતિલાલ પટેલ, ગોપાલ બાપુ, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, શક્તિકેન્દ્રના સંયોજકઓ, પ્રભારીઓ, જિલ્લાના સંયોજકઓ, મોરચાના તમામ હોદ્દેદારો, મોરચાના સંયોજકઓ, સિનિયર કાર્યકર્તાઓ, પાલિકાના કોર્પોરેટરઓ, સભ્યઓ, મહિલા મોરચાના તમામ હોદ્દેદારો, તમામ યુવા મોરચાના કાર્યકર્તાઓ, સંતરામપુર નગરના, તાલુકાના, કડાણા તાલુકાના કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામા હાજર રહ્યા હતા.

સંતરામપુર ખાતે ખુલ્લા પ્લોટમાં કચરો ઠાલવતા પશુઓના ત્રાસ

સંતરામપુર,

સંતરામપુર ખુલ્લા પ્લોટમાં કચરો ઠાલવતા રખડતા પશુનો જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. સંતરામપુર નગરની સરદાર નગર સોસાયટીમાં નગરનો સફાઈ કામદાર દ્વારા કચરો ભેગો કરીને ખુલ્લા ફલોટોમાં ઠાલવવામાં આવે છે. સૌથી વધારે કચરામાં પ્લાસ્ટિકની ઝુલાઓ વધારે જોવા મળતી હોય છે. સતત બે માસથી આ ખુલ્લા પ્લોટમાં ચારે બાજુ જાહેર માર્ગ પર પ્લોટમાં ચારે બાજુ કચરો જોવા મળી રહ્યો હતો. આ ઢગલામાં નગરના ચારે બાજુના રખડતા પશુઓ અહીંયા આવીને મો મારતા હોય છે. જેમાં સૌથી વધારે રખડતા પશુઓ પ્લાસ્ટિક વાગોળતા હોય છે. પ્લાસ્ટિક ખાધા પછી કેટલીક વારતો પશુઓની તબિયત પણ બગડતી જોવા મળી રહેલી હોય છે. રખડતી ગાયો અને પશુઓ મૂંગા પશુઓને ખાવાનું ન વાળતા આવા ખુલ્લામાં ઠાલવેલા પ્લાસ્ટિકનો કચરાઓ ખાઈને પશુનો જીવ જોખમ વધી રહ્યો છે. કેટલીક વાર પાલિકાના ચીફ ઓફિસર અને સફાઈ કામદારને નગરજને રજૂઆત કરવા છતાંય કોઈ ધ્યાન આપવામાં આવતો નથી અને વારંવાર અહીંયા કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. ગમે ત્યારે પણ આવો કચરો ખાવાથી મોંઘા પશુઓની જીવ ગુમાવવાની ઘટના બને તો જવાબદાર કોણ સૌથી મોટો પ્રશ્ન એ છે કે દરેક પ્રકારનો કચરો ઠાલવવાથી દુર્ગંધ પણ ફેલાતી હોય છે આરોગ્ય માટે પણ હાનિકારક બની શકે છે. વહેલી તકે આ ખુલ્લા પ્લોટમાં કચરો ના ઠળવાય તે માટે નગરજનો ઈચ્છિ રહ્યા છે.

જૂનાગઢના જંગર ગામ નજીક ચાર ડેમ હોવા બે દાયકાથી પાણીનો પ્રશ્ન હલ ન થતાં ચૂંટણી બહિષ્કાર

જુનાગઢ,

રાજયમાં વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે તમામ રાજકીય પક્ષો ગાંધીનગરની ગાદી મેળવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. જોકે, બીજી તરફ અનેક જગ્યાએ પાયાની સુવિધાનો અભાવ હોવાથી વિરોધ થઈ રહ્યો છે. ત્યારે જૂનાગઢના માળિયા તાલુકાના જંગર ગામ નજીક ચાર ડેમ હોવા છતાં ગામમાં ૨૨ વર્ષથી પાણીની સમસ્યા છે. જેને લઈને ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કાર કર્યો છે. ગામમાં કોઈ રાજકીય પક્ષોએ પ્રવેશ કરવો નહીં. તેવાં લખાણો દીવાલો પર ઠાલવીને આક્રોશ ઠાલવ્યો છે.

છેલ્લાં ૨૨ વર્ષથી જંગર ગામલોકો સિંચાઈ પાણી માટે કેનાલની માંગણી કરતા આવ્યા છે, પરંતુ આટલાં વર્ષો વીતવા છતાં જંગરની જમીન બંજર જ છે. જે કારણે જંગલ ગામના લોકોએ સામૂહિક મતદાન કરવાનો બહિષ્કાર કર્યો છે. ગામની અંદર ૩૦૦૦ વીઘાથી વધુ વાવેતર માટેની જમીન આવેલી છે, પરંતુ સિંચાઈ પાણી અને કેનાલ ન બનાવતા રવી પાક પણ લઈ શકાતો નથી. જેથી ગ્રામજનો રોષે ભરાયા છે.

આ અંગે ગ્રામજનોએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કેનાલના પ્રશ્નની રજૂઆત દરેક રાજકીય પક્ષોને કાને પહોંચાડી છે, લેખિતમાં પણ કરી છે. વર્ષ ૨૦૦૦થી જંગર ગામના લોકો દ્વારા લેખિતમાં ઉચ્ચકક્ષાએ પણ રજૂઆત કરી છે. ૨૦૦૯માં આંબા ફુઈ કેનાલ સિંચાઈ યોજના મંજૂર પણ થઈ ગઈ હતી, એસ્ટિમેન્ટ થઈ ગયું હોવા છતાં પણ કામગીરી શરૂ થઈ નથી અને ૨૨ વર્ષથી જંગર ગામ લોકોએ સિંચાઈ કેનાલના માટે વિહોણું રહેવું પડ્યું છે.

જંગર ગામ નજીકથી જ હિરણ સિંચાઈ યોજના ૨, લાશળી નાની સિંચાઈ યોજના, દેવગામ આંબા ફુઈ ડેમ યોજના અને વ્રજમી ડેમ. આ ચાર ડેમો માત્ર ૪ કિલોમીટરના અંતરે જ આવેલા છે. તેમજ ગામ નજીકથી જ દેવકા નદી વહે છે, છતાં શિયાળામાં પણ નદી કોરી ધાકોર જોવા મળે છે. જેથી ૨૦૦૦થી વધુ વસ્તી ધરાવતું જંગર ગામે આજે સામૂહિક ચૂંટણીનો બહિષ્કાર કરી પાણી માટે પોકાર કર્યો છે.

આઘાતજનક ચુકાદોઃ જનમટીપની સજા કાપી રહેલા રાજીવ ગાંધી હત્યાકાંડના દોષીતોને સમય પહેલાં છોડી મૂકવાનો સુપ્રીમ કોર્ટનો નિર્ણય બેહદ આઘાતજનક કહી શકાય

જનમટીપની સજા કાપી રહેલા રાજીવ ગાંધી હત્યાકાંડના દોષીતોને સમય પહેલાં છોડી મૂકવાનો સુપ્રીમ કોર્ટનો નિર્ણય બેહદ આઘાતજનક કહી શકાય. આ ચુકાદો જઘન્ય હત્યાકાંડના દોષીતો અને તેમના સમર્થકોની સાથે ક્ષેત્રવાદની સસ્તી રાજનીતિ કરનારાઓનું દુસ્સાહસ જ વધારશે. આ ચુકાદાની વ્યાપક ટીકા થઈ રહી છે તો એટલા માટે કે આ ચુકાદો જ એને લાયક છે. રાજીવ ગાંધી ફક્ત કોંગ્રેસના નેતા જ ન હતા, તેઓ એક સંપ્રભુ દેશના પૂર્વ વડાપ્રધાન પણ હતા. તથ્ય એ પણ છે કે તેમની સાથે ૧૪ અન્ય લોકો પણ માર્યા ગયા હતા. મદ્રાસ હાઈકોર્ટના ચુકાદા અને કેન્દ્ર સરકારના મંતવ્યથી વિરુદ્ધ જઈને સુપ્રીમ કોર્ટે એક ખરાબ ઉદાહરણ રજૂ કર્યું છે. તેનાથી એક ખોટી પરંપરા સ્થાપિત થવાની આશંકા છે. સમજવું મુશ્કેલ છે કે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી સહિત ૧૪ અન્ય લોકોની હત્યામાં સામેલ લોકો પર દયા રાખીને સુપ્રીમ કોર્ટે સમાજને શો સંદેશ આપવાની કોશિશ કરી છે? નિશ્ચિત રૂપે આ કોઈપણ રીતે એવો કિસ્સો નથી, જેમાં સુપ્રીમ કોર્ટે પોતાના વિશેષાધિકારનો ઉપયોગ કરવાની જરૂર પડે. સુપ્રીમ કોર્ટની એ દલીલમાં પણ કોઈ દમ નથી જણાતો કે રાજીવ ગાંધી હત્યાકાંડમાં સજા કાપી રહેલા દોષીતોની ચાલચલગત સારી હતી અને જેલમાં રહીને તેમણે ભણીને ડિગ્રીઓ પણ મેળવી હતી. શું આ બધાં કારણોથી કોઈને પણ સમય પહેલાં છોડી મૂકવાના, ભલે તેઓ ગમે તેટલા સંગીન અપરાધમાં સંડોવાયેલા રહ્યા હોય? આ પ્રકારના દોષીતો પર દયા દેખાડવી એક રીતે ન્યાયનો ઉપહાસ ઉડાવવા સમાન છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા પર કોંગ્રેસનો વાંધો સર્વથા યોગ્ય છે, પરંતુ આખરે શું કારણ રહ્યું કે એક સમયે સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીએ રાજીવ ગાંધીના હત્યારાઓ પ્રત્યે ન માત્ર સહાનુભૂતિ વ્યક્ત કરી હતી, પરંતુ તેમને માફ કરી દેવાની વાત પણ કરી હતી? પ્રિયંકા ગાંધી તો એક દોષીતને જઈને જેલમાં મળી પણ આવ્યાં હતાં. આખરે આ બધાની શું જરૂર હતી? પ્રશ્ન એ પણ છે કે કોંગ્રેસ તમિલનાડુમાં પોતાના સહયોગી પક્ષ દ્રમુકને તેના માટે કેમ રાજી ન કરી શકી કે તે રાજીવ ગાંધી હત્યાકાંડના દોષીતોના છૂટકારાની તરફદારી કરવાનું બંધ કરે? દ્રમુક સુપ્રીમ કોર્ટના ચુકાદા પર જે રીતે રાજીની રેડ થઈ રહી છે, તેનાથી ન માત્ર દોષીતોનું મહિમામંડન થઈ રહ્યું છે, બલ્કે એની પણ આશંકા પેદા થઈ છે કે અન્ય જઘન્ય કાંડોમાં દોષીત ઠેરવાયેલા લોકોના છૂટકારાની માંગો ઊઠી શકે છે. એની અવગણના ન કરી શકાય કે પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બિયંત સિંહના હત્યારાની ફાંસીની સજાને જનમટીપમાં બદલવાની માંગ ઊઠતી રહે છે. એ પણ કોઈથી છૂપું નથી કે સંકીર્ણ ક્ષેત્રવાદને કારણે આ પ્રકારની માંગોને કેટલાક પ્રાદેશિક પક્ષો પોતાનું સમર્થન આપવા માટે આગળ આવી જાય છે.

આપની આજ.....

મેષઃઆજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે. જોબ કરતા લોકો માટે અચાનક મોટી ખુશીનો યોગ છે.

વૃષભઃ ગણેશજી કહે છે, આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. કેટલાક કામને લીધે રાજ્ય તરફથી આજે બપોરથી સાંજ સુધીમાં થોડી સમસ્યા આવી શકે છે, સાવચેત રહો.

મિથુનઃ ગણેશજી કહે છે, ભાઈઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો. સંપત્તિથી લાભ થાય અને સાંજના સમયે પત્નીનો સારો સહયોગ મળે ત્યાં સંતોષ રહેશે.

કર્કઃ ગણેશજી કહે છે, આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમે પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો. શુભ ખર્ચાને કારણે તમારી ખ્યાતિ વધશે.

સિંહઃ ગણેશજી કહે છે, આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે, પરંતુ આવકના પ્રમાણમાં ખર્ચા વધુ થશે. રાત્રે તમને કોઈ આધ્યાત્મિક મેળાવડા અથવા દેવદર્શનની તક મળશે.

કન્યાઃ ગણેશજી કહે છે, આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં. આજે મોટી માત્રામાં ધન મળતા મનોબળ વધશે.

તુલાઃ ગણેશજી કહે છે, આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે. આર્થિક લાભ થશે, પરંતુ નફા કરતા વધારે ખર્ચા હોવાને કારણે મુશ્કેલી રહેશે. દુશ્મન પક્ષ તમારા પર પ્રભુત્વ મેળવવાનો પ્રયત્ન કરશે, સાવચેત રહો.

વૃશ્ચિકઃ ગણેશજી કહે છે, આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે. વ્યવસાયમાં પણ નોકરો અને ભાગીદારો તરફથી સારું વાતાવરણ રહેશે. સાંજથી મોડી રાત સુધી અચાનક મહેમાનોના આગમનથી ખર્ચમાં વધારો થઈ શકે છે.

ધનુઃ ગણેશજી કહે છે, આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે. ખોરાકમાં વિશેષ કાળજી લો, નહીં તો સ્વાસ્થ્ય સમસ્યાઓમાં વધારો થઈ શકે છે.

કુંભઃ ગણેશજી કહે છે, આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે. આ બધા હોવા છતાં ધંધાના લાભ અને તમારી પત્નીના પૂરા સહયોગને કારણે તમને મનોબળ મળશે.

કુંભઃ ગણેશજી કહે છે, આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે. આ બધા હોવા છતાં ધંધાના લાભ અને તમારી પત્નીના પૂરા સહયોગને કારણે તમને મનોબળ મળશે.

મીનઃ ગણેશજી કહે છે, આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે જે તમારી આસપાસના અન્ય સાથીદારોમાં વધતી કડવાશને કારણે મુશ્કેલી ઊભી કરી શકે છે. પરંતુ કાર્ય કુશળતાથી સાંજે બધું સામાન્ય થશે.

દેશમાં સમાન નાગરિક કાયદાનો અમલ શક્ય નહીં,વિવાદ ઉભો થઈ શકે છે : મૌલાના મહલી

લઘુમતી સમાજ સહિત અનેક લોકો કેન્દ્ર સરકારના આ પગલાંનો વિરોધ કરી રહ્યા છે.

લખનૌ,

મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના એક્ઝિક્યુટિવ મેમ્બર અને ઈસ્લામિક સેન્ટર ઓફ ઈન્ડિયાના ચેરમેન મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહલીએ જણાવ્યું હતું કે, સમાન નાગરિક કાયદાનો મુદ્દો માત્ર મુસ્લિમો સાથે સંબંધિત નથી. પરંતુ આપણા દેશમાં જેટલા પણ સમુદાય છે, તે બધાના તેમના વ્યક્તિગત નિયમો છે. કોઈ એક યુનિફોર્મ સિવિલ કોડ આવે તો જેટલા પણ ધાર્મિક જૂથો છે, તેમના ધર્મમાં મુશ્કેલીઓ પેદા થશે. વધુમાં આખા દેશમાં કોઈપણ યુનિફોર્મ સિવિલ કોડ લાગુ થવો વ્યવહારુ દૃષ્ટિએ શક્ય નથી. આ જ કારણથી તમામ પક્ષો યુનિફોર્મ સિવિલ કોડ લાવવાની વાત તો કરે છે, પરંતુ આ મુદ્દો ચૂંટણી દરમિયાન જ ઊઠાવવામાં આવે છે. કોઈપણ પક્ષ તેનો ડ્રાફ્ટ પણ રજૂ કરી શક્યો નથી.સમાન નાગરિક કાયદાનો અર્થ છે કોઈપણ ધર્મ અથવા જાતિ કેમ ન હોય બધા માટે એક સમાન કાયદો, તેમાં લગ્નથી લઈને છૂટાછેડા, સંપત્તિની વહેંચણી અને બાળકને દત્તક લેવા જેવી બધી બાબતોમાં એક સમાન નિયમ-કાયદા બધા લોકો પર લાગુ પડે છે. હાલમાં ગોવા એકમાત્ર એવું રાજ્ય છે, જ્યાં ૧૯૬૧થી સમાન નાગરિક કાયદો (યુસીસી) લાગુ છે. જોકે, દેશમાં લઘુમતી સમાજ સહિત અનેક લોકો આ કાયદાનો વિરોધ કરે છે. મુસ્લિમ સમાજ લગ્ન, છૂટાછેડા, બાળક દત્તક લેવા જેવી બાબતો માટે ઈસ્લામિક કાયદાને અનુસરવા પર ભાર મૂકી રહ્યા છે.

આવી પરિસ્થિતિમાં મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહલીએ બાળકોને દત્તક લેવા અને સમાન નાગરિક કાયદા મુદ્દે જણાવ્યું હતું કે મુસ્લિમ સમાજમાં કોઈ વ્યક્તિ બાળકને દત્તક લેવા માગતી હોય તો તેમાં કોઈ વાંધો નથી. બાળકને દત્તક લઈ શકાય છે, પરંતુ તેમાં કેટલાક ઈસ્લામિક નિયમ કાયદા છે, જેનું તેમણે પાલન કરવાનું રહે છે. જ્યાં સુધી સંપત્તિને સવાલ છે તો પિતા દત્તક લીધેલા બાળકને તેની સંપત્તિમાંથી ભેટ સ્વરૂપે સંપત્તિ આપી શકે છે. તેમાં કોઈ પ્રતિબંધ નથી. તેમણે ઉમેર્યું હતું કે, ઈસ્લામિક કાયદા મુજબ દત્તક લીધેલા બાળકના અસલી પિતાનું નામ જ તે આગળ ચલાવી શકશે, પરંતુ દત્તક લેનાર વ્યક્તિ તેના આ બાળકને પોતાની સંપત્તિમાંથી તેનો હિસ્સો ભેટ સ્વરૂપે આપી શકે છે. બાકી તેના પોતાના બાળકો માટે શરીયતમાં કોને કેટલો હિસ્સો મળશે તે નિશ્ચિત છે.

કાનપુરના ઘાટમપુરમાં ૯૦ ટકા વસ્તીનું ધર્માંતરણ થયું ,પોલીસે તપાસ શરૂ કરી

ઈસાઈ મિશનરીઓ સાથે જોડાયેલા લોકો ઘાટમપુર વિસ્તારમાં તેઓ ગરીબોને આર્થિક પ્રલોભન આપીને માઈન્ડ વોશ કરે છે

કાનપુર,

ઉત્તર પ્રદેશના કાનપુરમાં ધર્મ પરિવર્તનનો મોટો ખેલ ચાલી રહ્યો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે જિલ્લાના ઘાટમપુર વિસ્તારના ઘણા વિસ્તારોમાં ૯૦ ટકા વસ્તીનું ધર્માંતરણ થઈ ગયું છે. ધર્મ પરિવર્તન અંગે મળતી માહિતી મુજબ ઈસાઈ મિશનરીઓ સાથે જોડાયેલા લોકો બહારના પ્રદેશની વસાહતોને નિશાન બનાવે છે અને અહીં તેઓ ગરીબોને આર્થિક પ્રલોભન આપીને માઈન્ડ વોશ કરે છે અને પછી તેમનું ધર્મ પરિવર્તન કરે છે.

જ્યારે બાકીની વસ્તી પર ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહી છે, પરંતુ હવે એક વ્યક્તિએ આ મામલે પોલીસમાં ફરિયાદ કરી છે. બીજી તરફ આ મામલો પોલીસ સુધી પહોંચતા જ આ ધર્મ પરિવર્તનમાં લાગેલા લોકો ઘરને તાળા મારીને ભાગી ગયા હતા. હાલ પોલીસ પોતાના સ્તરે મામલાની તપાસ કરી રહી છે. એડિશનલ એસપી વિજેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું કે તાજેતરમાં આવી ફરિયાદ આવી છે. આ ફરિયાદના આધારે ઘાટમપુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસે જણાવ્યું કે ઘાટમપુરમાં રહેતા ઈશુ અવસ્થી નામના યુવકને ખ્રિસ્તી મિશનરીઓએ ખ્રિસ્તી ધર્મ અપનાવવાની લાલચ આપી હતી. પરંતુ તેણે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના શુભમ સૌર્ય વગેરેનો સંપર્ક કર્યો અને પછી તેમની સાથે ઘાટમપુર પોલીસ સ્ટેશનમાં આવીને ફરિયાદ આપી. આ ફરિયાદ પર પોલીસ તપાસ શરૂ થતાં જ આરોપીઓ ઘરને તાળા મારીને ભાગી ગયા હતા. પોલીસ આ તમામ લોકોને શોધી રહી છે.

ધર્મ પરિવર્તન અંગે મળતી માહિતી મુજબ ઈસાઈ મિશનરીઓ સાથે જોડાયેલા લોકો બહારના પ્રદેશની વસાહતોને નિશાન બનાવે છે અને અહીં તેઓ ગરીબોને આર્થિક પ્રલોભન આપીને માઈન્ડ વોશ કરે છે અને પછી તેમનું ધર્મ પરિવર્તન કરે છે. અહીં ગરીબોને આર્થિક પ્રલોભન આપીને તેઓનું મન જીતી લે છે અને પછી તેમનું ધર્મ પરિવર્તન કરવામાં આવી રહ્યું છે કે આવી ઘટના ઘણા વર્ષોથી ચાલી રહી છે. જેના કારણે આ વિસ્તારની ઘણી કોલોનીઓમાં લગભગ ૯૦ ટકા વસ્તીએ ધર્મ પરિવર્તન કર્યું છે.વિશ્વ હિંદુ પરિષદના અધિકારીઓના જણાવ્યા અનુસાર કાનપુરના ઘાટમપુર માં રહેતી ૯૦ ટકા વસ્તીનું ધર્માંતરણ થયું છે. તેમને સમજાવીને ઘરે પરત લાવવાની તૈયારી પણ કરવામાં આવી છે. આ અંગે પોલીસને સતત ફરિયાદો કરવામાં આવી રહી છે, પરંતુ પોલીસના ઉદાસીન વલણને કારણે આવા લોકોનું મનોબળ વધી રહ્યું છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

ગરબાડા બેઠક પર બીજેપી-કોંગ્રેસ દ્વારા ઉમેદવારના નામ ને લઈ સસ્પેન્સ યથાવતઃ કોંગ્રેસના ગઢમાં બીજેપી કોને ઉતારશે..?? સસ્પેન્સ યથાવત

- કોંગ્રેસ પાર્ટી હાઈ કમાન્ડ દ્વારા મૌખિક આદેશ મળતાં વર્તમાન ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા નમાંકન દાખલ કરશે..
- ગરબાડા તેમજ દાહોદ વિધાનસભા બેઠક પર કોંગ્રેસ દ્વારા ઉમેદવારો જાહેર ન કરતા આશ્ચર્ય.
- ગરબાડા તેમજ દાહોદ બેઠક પર ચૂંટણીનું જંગ રસપ્રદ રહેવાના અણસાર.

ગરબાડા, ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ૧૦ તારીખથી જાહેરનામું પ્રસિદ્ધ થતા ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્ર ભરવાની તૈયારીઓમાં જોતરાયા છે. જોકે, પ્રથમ ચરણના ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભરવાનું ચાલુ કરી દીધું છે.ત્યારે દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ છ વિધાનસભા બેઠકો પૈકી ચાર વિધાનસભા બેઠકો પર બીજેપી- કોંગ્રેસ દ્વારા ઉમેદવારોના નામોની જાહેરાત કરી દીધી છે. પરંતુ જિલ્લામાં ભાજપ માટે લીટમસ ટેસ્ટ તરીકે ગણાતીઅને ગરબાડા, ઝાલોદ વિધાનસભા બેઠક પર ઉમેદવારો જાહેર ન કરતા બંને બેઠકો પર ઉમેદવારોના નામોને લઈને સંસ્પેન્સ યથાવત જોવા મળી રહ્યો છે. તારે બીજી તરફ દાહોદ તેમજ ગરબાડા બેઠક પર કોંગ્રેસ દ્વારા કોઈ ઉમેદવાર જાહેર ન કરતા અહીંયા પણ સસ્પેસ યથાવત જોવા મળી રહ્યો છે.જોકે કોંગ્રેસ હાઈ કમાન્ડ દ્વારા ગરબાડા વિધાનસભા બેઠક પર વર્તમાન ધારાસભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા પણ આવતી કાલે રેલી સ્વરૂપે કોંગ્રેસ કાર્યાલયથી રેલી સ્વરૂપે મેન બજારમાં થઈ ગરબાડા મામલતદાર કચેરી ખાતે પોતાનુ ઉમેદવારી પત્ર ભરવા જશે કોંગ્રેસ પક્ષ દ્વારા હજુ ઉમેદવારો ની યાદી જાહેર નથી કરી છત પક્ષના મોવડી મંડળ દ્વાર મૌખિક આદેશ થતા જ ચંદ્રિકાબેન બારીયા ચોથીવાર ધારાસભ્યની ચૂંટણી માટે પોતાનું ઉમેદવારી પત્ર ભરશે. ત્યારે ભાજપ દ્વારા કોંગ્રેસનો ગઢ મનાતી ગરબાડા બેઠક પર કયા દાવેદાર પર પસંદગી ઉતારે છે તે જોવું રહ્યું.

દે.બારીયામાં એમ.જી.વી.સી.એલ.ની બેદકારીના કારણે લો વોલ્ટેની સમસ્યા ક્યારે સુધારવામાં આવશે...???

દે.બારીયા, દે.બારીયા મધ્ય ગુજરાત વિજ કંપનીના દ્વારા દે.બારીયા શહેરમાં વિજ પુરવઠો આપવામાં આવે વિજ પુરવઠો છેલ્લા એક સપ્તાહથી સાંજે લો વોલ્ટેજની સમસ્યામાં વધારો થાય છે. નવા ઠાકોરવાડા, ડેરી ફળીયા, પારેખ શેરી તેમજ કસ્બા, જાની ફળીયામાં થ્રી ફેઈઝની લાઈનમાં લો વોલ્ટેજની સમસ્યા છે. જેથી ફ્રીજ, પંખા ધીમી ગતિએ થઈ જતા હોય છે. હાલમાં એમ.જી.વી.સી.એલ.ની બેદરકારીના કારણે તળાવના પાસેની ડીપીમાં ધડાકો થયો હતો અને ડીપી બંધ થઈ ગઈ હતી. આ વિસ્તારોની ડીપીમાં પણ ધડાકા સાથે આખો વિસ્તાર બંધ વિજ પ્રવાહ થશે ત્યારે રીપેર કરાશે કે બદલાશે તે વિજ ગ્રાહકો પૂછી રહ્યા છે. દે.બારીયાના કાર્યપાલક ઈજેનર ધવલ શાહ વડોદરા એક દિવસના ભય વિસ્તારોની મુલાકાત લઈ લો વોલ્ટેજની સમસ્યાનો વહેલી તકે નિરાકરણ લાવે આ લખાય છે. ત્યારે પણ છેલ્લા એક કલાક થી લો વોલ્ટેજ જોવા મળી રહ્યો છે. જેથી ઉચ્ચપદના અધિકારીઓ આ સમસ્યાનો નિરાકરણ વહેલામાં વહેલી તકે નિરાકરણ લાવીને ગ્રાહકોના વિજ ઉપકરણોને નુકશાનીથી બચાવવામાં ક્યારે પગલાં ભરવામાં આવશે.

ઝાલોદના ધાવડીયા ચેકપોસ્ટ ઉપર થી એમ્બ્યુલન્સ બોલેરો માંથી ૧.૯૯ લાખનો દારૂ ઝડપાયો

ઝાલોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેકપોસ્ટ ખાતેથી ઝાલોદ પોલીસે એમ્બ્યુલન્સ બોલેરો ફોર વ્હીલર ગાડીમાંથી રૂા.૧,૯૯,૮૭૨ના વિદેશી દારૂના જથ્થા સાથે ગાડીના ચાલકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. આ બનાવમાં પોલીસે કુલ ૪ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બુટલેગરો તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વો દ્વારા નવો કીમીયો અપનાવ્યો છે. પોલીસને ચકમો આપવા એમ્બ્યુલંશ સહિત વાહના વાહનોમાં વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યાં છે. અગાઉ પણ દાહોદ જિલ્લામાં એમ્બ્યુલંશ જેવા વાહનોમાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વોને વાહનો સાથે ઝડપી પાડવામાં આવ્યાં હતાં. વિધાન સભા ૨૦૨૨ની ચુંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ દાહોદ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાં સઘન કામગીરી કરી રહી છે અને ખાસ કરીને ચુંટણી ટાણે નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડવા, વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા, અસામાજીક તત્વો પર લગામ કસવા તેમજ ખાસ કરીને જિલ્લામાં અને જિલ્લા બહાર વિદેશી દારૂની હેરાફેરી થતી અટકાવવા માટે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા સરહદી વિસ્તારોમાં પોલીસ દ્વારા ચેકપોસ્ટો બનાવી સઘન ચેકીંગ પણ હાથ ધરી રહી છે. દાહોદ જિલ્લો મધ્યપ્રદેશ અને રાજસ્થાનન બોર્ડેર પર આવેલ જિલ્લો છે. બંન્ને રાજ્યોમાંથી ગુજરાતના દાહોદ જિલ્લામાંથી વિદેશી દારૂ ઘુસાડવાનું મસમોટુ કાવતરૂં ચાલતું હોય છે. ત્યારે દારૂબંધીની સખ્ત અમલવારી વચ્ચે ઝાલોદ પોલીસ દ્વારા ગત તા.૧૨મી નવેમ્બરના રોજ મળેલ બાતમીના આધારે ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેકપોસ્ટ ખાતે નાકાબંધી કરી આવતાં જતાં તમામ વાહનોની ચકાસણી હાથ ધરતાં હતા. તે સમયે મળેલ બાતમીના આધારે પોલીસે એક મધ્યપ્રદેશની પાસીંગની એમ્બ્યુલંશ બોલેરો ફોર વ્હીલર ગાડીને ઉભી રાખી તેની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. એમ્બ્યુલન્સ બોલેરો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૨૧૮૪ કિંમત રૂા.૧,૯૯,૮૭૨ના પ્રોહી જથ્થા સાથે બોલેરો ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા. ૫,૦૦,૩૭૨ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગાડીના ચાલક કમલેશભાઈ બદ્રીલાલ પાટીદાર (રહે. મધ્યપ્રદેશ) ની પોલીસે અટકાયત કરી તેની પુછપરછ કરતાં આ વિદેશી દારૂની હેરાફેરીમાં શ્યામ રામેશ્વર પાંચાલ (રહે. મધ્યપ્રદેશ) મેન્સા ગરબાર અને વિદેશી દારૂ મંગાવનાર ઈસમ સામેલ હોવાનું ઝડપાયેલ ચાલકે પોલીસ સમક્ષ કબુલ્યું હતું.

આ સંબંધે ઝાલોદ પોલીસે ઉપરોક્ત ચારેય ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ જિલ્લા સેવા સદન ખાતે આવેલા ગ્રીન બિલ્ડીંગમાં ઈલેકટ્રોનિક મીડિયા મોનિટરિંગ રૂમ રાઉન્ડ ધ કલોક કાર્યરત

દાહોદ, ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થઇ ગઇ છે. ત્યારે દાહોદ જિલ્લા સેવા સદન ખાતે આવેલી સ્માર્ટ સીટીની ગ્રીન બિલ્ડીંગમાં જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતાની મીડિયા સર્ટીફિકેશન અને મોનિટરીગ કમિટી અંતર્ગત ઈલેકટ્રોનિક મીડિયા મોનિટરિંગ રૂમ રાઉન્ડ ધ કલોક કામગીરી કરી રહ્યો છે અને ૧૮ જેટલા કર્મચારીઓ સતત ન્યુઝ ચેનલો ઉપર આવી રહેલા સમાચારો ઉપર ચાંપતી નજર રાખી રહ્યાં છે.

જિલ્લામાં આચારસંહિતાનો ભંગ ન થાય તે સુનિશ્ચિત કરવા તેમજ પેઈડ ન્યુઝ પર ચાંપતી નજર રાખવા માટે મીડિયા સર્ટીફીકેશન અને મોનીટરીંગ કમિટી જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ગોસાવીના માર્ગદર્શનમાં રાઉન્ડ ધ કલોક કામગીરી કરી રહી છે. ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે ભારતીય ચૂંટણી પંચના માર્ગદર્શન અનુસાર રાજ્યનાં તમામ જિલ્લામાં માધ્યમ પ્રમાણીકરણ અને દેખરેખ નિયંત્રણ સમિતિની રચના કરવામાં આવી છે. રાજ્યમાં આચાર સંહિતા લાગુ થતા જ જિલ્લામાં મીડિયા સર્ટીફિકેશન અને મોનિટરીગ કમિટીએ કામગીરી શરૂ કરી દીધી હતી અને અહીં જિલ્લા સેવા સદન ખાતે આવેલી સ્માર્ટ સીટીની ગ્રીન બિલ્ડીંગ ખાતે મીડિયા મોનિટરિંગ કંટ્રોલ રૂમને કાર્યરત કરાયો છે.ઉમેદવારો તથા રાજકીય પક્ષો દ્વારા કરાતા ચૂંટણી ખર્ચાના નિયંત્રણ માટે ચૂંટણી પંચની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર જિલ્લામાં મીડિયા સર્ટીફીકેશન અને મોનીટરીંગ કમિટીની રચના કરાઈ છે. જેના અધ્યક્ષ તરીકે જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ગોસાવી, સભ્ય તરીકે નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, સભ્ય સચિવ તરીકે નાયબ માહિતી નિયામક સુરેન્દ્ર બળેવીયા સહિત કુલ સાત સભ્યોની કમિટીની રચના કરવામાં આવી છે. ઉમેદવારો દ્વારા આપવામાં આવતાં પેઈડ ન્યૂઝ-જાહેરાતો જેવી બાબતો ઉપર કમિટી સતત ધ્યાન રાખી તેનું નિરીક્ષણ-નિયંત્રણ સહિતની કામગીરી કરી રહી છે. કમિટી દ્વારા રાજકીય પક્ષો તરફથી ઈલેક્ટ્રોનિક માધ્યમોમાં પ્રચાર-પ્રસાર માટે તૈયાર કરવામાં આવતી જાહેરાતોને પ્રમાણિત કરવાની તથા ઉમેદવારોની તરફેણમાં ઉમેદવારો, સંસ્થા, ટેકેદારો તરફથી પ્રિન્ટ મીડિયામાં આપવામાં આવતી જાહેરાતો અંગેનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉધારવા અંગે(પેઈડ ન્યુઝ)ની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં વિજ્ઞાપનોનું પ્રમાણીકરણ તથા પેઈડ ન્યૂઝ સંબંધી તમામ ફરિયાદોની ચકાસણીનો સમાવેશ થાય છે.

દે.બારીયા આહાર ટ્રસ્ટ દ્વારા શ્રમ મંદિર ખાતે રહેતા ૫૫ અંતેવાસી ધાર્મિક સ્થળે પ્રવાસ લઈ જવાયા

દેવગઢ બારીયાના આહાર ટ્રસ્ટ દ્વારા, રોગને કારણે સમાજથી તરછોડાયેલા અને જેઓના શરીર પરના ઝખમ કરતા દિલમાં ખૂબ ઊંડા ઝખમ છે, તેવા શ્રમ મંદિર, સિંઘરોટમાં રહેતા ૫૫ જેટલા અંતેવાસીઓને એક લકઝરી બસ દ્વારા ગઈકાલે તારીખ -૧૨ નવેમ્બર ને શનિવારે રાત્રે ૧૦ કલાકે ઉજૈન-કાશી-ચિત્રકૂટ-છપૈયા-પન્ના-ઓમકારેશ્વર-અલ્હાબાદ -ગોરખપુર-અયોધ્યા વગેરે ધાર્મિક સ્થળોના દશ દિવસના પ્રવાસે લઈ જવાયા.

દાહોદ રેડક્રોસ અને લાયન્સ કલબ સંયુકત ઉપક્રમે રકતદાન કેમ્પ યોજાયો

દાહોદ, ધી ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ લાયન્સ કલબ ડિસ્ટ્રિકટ 32 32 F1 રીજીયન ૩ અને ઝોન એક ,બે માં આવતી તમામ લાયન્સ કલબ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ ડિસ્ટ્રીક બ્રાન્યના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૩ /૧૧/ ૨૦૨૨ ના રોજ સવારે ૧૦ થી ૨ કલાક દરમિયાન ખાતે આયોજન કરવામાં આવ્યું. જેમાં ગોરવા લાયન્સ કલબ વડોદરા ના સહયોગ તેમજ પીડીજી લા રમેશભાઈ પ્રજાપતિ પ્રોજેકટ ચેરમેન(ઈન્ટરનેશનલ ડાયરેક્ટર એન્ડોસી) માર્ગદર્શન હેઠળ આ કેમ્પના ઉદઘાટક આઈપીએમસીસી લા. જે.પી. ત્રિવેદી, લા. શૈલેષ શેઠ, મેમ્બરશીપ કોર્ડીનેટર લા. કિશોર પટેલ, રેડક્રોસ ચેરમેન ગોપાલભાઈ ધાનકા, વાઈસ ચેરમેન દિનેશભાઈ શાહ, ટ્રેઝરર કમલેશભાઈ લીમ્બાચીયા, મંત્રી જવાહરભાઈ શાહ, સહમંત્રી સાબીર શેખ, કેમ્પ ઓર્ગેનાઈઝર એન.કે.પરમાર, સભ્ય ગટેશભાઈ ક્ષોત્રીય, ડો. ધર્મેન્દ્ર અગ્રવાલ, કેબિનેટ સેક્રેટરી લા. યુસુફી કાપડિયા, લા. સત્યેન્દ્રસિંહ સોલંકી, ઝોન ચેરમેન લા. શબ્બીર ઘડીયાળી, ડિસ્ટ્રિક્ટ ચેરમેન લા.અનિલ અગ્રવાલ, લા. સેફીભાઈ પીટોલવાળા, લા. રશ્મિકાંત ભાટીયા, વિવિધ લાયન્સ કલબના પ્રમુખ લાયન રાધેશ્યામ શર્મા, લા.ભાટિયા, લા. શર્મિલા દવે, લા. સંજયભાઈ પ્રજાપતિ, લા. મરીયમ પિટોલવાલા, મંત્રી લા. જયકિશન જેઠવાણી, લા. અલી અજગર સોહેલવાલા, લા. સુરેશ ભૂરા આ ઉપરાંત મોટી સંખ્યામાં લાઈમિત્રો ઉપસ્થિત રહી રક્તદાન કર્યું હતું. રક્તદાતા મોટી સંખ્યામાં રક્તદાન કરતા તેમને ગિફ્ટ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા તમામ રક્તદાતાઓએ આ મેગા બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવ્યો હતો.

લીમખેડાના પરમારના ખાખરીયા ગામના બે વ્યકિતની જમીનો ૮ ઈસમો ગેરકાયદેસર કબ્જે કરી લેતા ફરિયાદ

લીમખેડા, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પરમારના ખાખરીયા ગામે ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ૮ જેટલા ઈસમોએ ગામમાં રહેતાં બે વ્યકિતઓની માલિકીની અલગ અલગ જમીનોમાં પર ગેરકાયદે કબજો જમાવી અને બંન્ને જમીનો પચાવી પાડતાં આ સંબંધે લીમખેડા પોલીસ મથકે બંન્ને વ્યકિતઓ દ્વારા સાતેય ઈસમો વિરૂધ્ધ અલગ અલગ બે ફરિયાદો નોંધાંવતાં દાહોદ જિલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી જમીનો પચાવી પાડવાના કિસ્સાઓ સામે આવી રહ્યાં છે. રાજકીય સાંઢગાઢ ધરાવતાં અને અધિકારીઓની મીલી ભગતથી કેટલાંક માથાભારે ઈસમો દ્વારા લોકોની જમીનો પર કબજો જમાવી જમીનો પચાવી પાડી હોવાની ફરિયાદો પણ લોકોમાં ઉઠવા પામી છે. ત્યારે આવોજ એક કિસ્સો લીમખેડામાં સામે આવ્યો છે જેમાં લીમખેડા તાલુકાના પરમારના ખાખરીયા ગામે કોળી ફળિયામાં રહેતાં પ્રતાપભાઈ મેરીયાભાઈ પરમાર તથા ચતુરભાઈ ભીખાભાઈ પરમારે પોતાના ગામમાં રહેતાં પ્રતાપભાઈ માનસીંગભાઈ નીનામા, સરતનભાઈ માનસીંગભાઈ નીનામા, શુક્રમભાઈ પ્રતાપભાઈ નીનામા, સુરસીંગભાઈ હીરાભાઈ નીનામા, લક્ષ્મણભાઈ પ્રતાપભાઈ નીનામા, નરવતભાઈ સુરસીંગભાઈ નીનામા, રમેશભાઈ નરસીંગભાઈ નીનામા અને ચતુરભાઈ રૂપાભાઈ નીનામા વિરૂધ્ધ નોંધાંવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, પ્રતાપભાઈની માલીકીના ખાતા નંબર - ૨૧૧માં સમાવિષ્ટ રે.સ.નં. ૧૦૧,૧૦૫ (જુના રે.સ.નં. ૨૪/૧૦,૨૪,/૪) ક્ષેત્રફળ ૧ - ૫ - ૪૩ હે.આર. ચો.મી. વાળી જમીનમાં અને ચતુરભાઈની માલિકીના ખાતા નંબર - ૧૪૪માં સમાવિષ્ટ રે.સ.નં.૯૬ (જુના રે.સ.નં.૨૪/૫) તથા ખાતા નંબર ૨૧૨માં સમાવિષ્ટ રે.સ.નં. ૧૦૩,૧૦૪ (જુના રે.સ.નં. ૨૪/૩,૨૪/૧) વાળી જમીનમાં ગેર કાયદેસર ખેડાણ કરી, પ્રવેશ કરી ઉપરોક્ત બંન્ને વ્યકિતઓની જમીનો પચાવી પાડી હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

આ સંબંધે ઉપરોક્ત ૮ ઈસમો વિરૂધ્ધ પ્રતાપભાઈ મેરીયાભાઈ પરમાર અને ચતુરભાઈ ભીખાભાઈ પરમારે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લીમડી પોલીસ દ્વારા દાહોદ અને અન્ય જીલ્લાના ૭ પોલીસ મથકના ગુન્હાના ૩ આરોપીને ઝડપ્યા

દાહોદ, દાહોદ જીલ્લાના લીમડી પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહિબીશન અને શરીર સંબંધી ગુન્હાના ૩ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા.દાહોદ જીલ્લા પોલીસવડા દ્વારા વિધાનસભાની ચુંટણીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તે માટે માથાભારે તત્વોને ઝેર કરવા માટેની કામગીરી હાથ ધરી છે. તે માર્ગદર્શન હેઠળ લીમડી પોલીસ મથક દ્વારા અલગ અલગ ગુન્હાના નાસતા ફરતા આરોપીઓને ટીમો બનાવી પકડવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં પરેશ ઉર્ફે ચકો શનાભાઈ ચૌહાણ રહે. વડોદરા તથા અન્ય બે આરોપીઓ ભયલુ ઉર્ફે જયેશ નરેશભાઈ પાઠક રહે. વડોદરા અને ગોવિંદ રમેશચંદ્ર પારગી રહે. હમીરપુરા, બાંસવાડા, રાજસ્થાનને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

ઝાલોદના કાળી ગામે બાઈક ચાલકે રાહદારીને અડફેટમાં લેતા મોત

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કાળીગામ ખાતે એક મોટરસાઈકલના ચાલકે રસ્તે ચાલતાં જતાં એક રાહદારીને અડફેટમાં લેતાં રાહદારીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવતાં તેઓને સારવાર દરમ્યાન મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૧મી નવેમ્બરના રોજ એક મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી કાળીગામ ખાતેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે ત્યાંથી રસ્તે ચાલતા પસાર થઈ રહેલ ચંદુભાઈ ગબલાભાઈ મુનીયા (રહે.કાળીગામ, ઈનામી ઘાટી ફળિયા, તા. ઝાલોદ, જિ.દાહોદ) નાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં ચંદુભાઈને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં સારવાર દરમ્યાન ચંદુભાઈનું મોત નીપજતાં આ સંબંધે કાળીગામ ઈનામી ઘાટી ફળિયામાં રહેતાં રમેશભાઈ ગબલાભાઈ મુનીયાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના મુવાલીયા ક્રોસીંગ પાસે રેતી ભરેલ ટ્રક પલ્ટી જાનહાનિ ટળી

દાહોદ, દાહોદ શહેરથી નજીક મુવાલિયા ક્રોસિંગ નજીક હાઈવે પર સર્જાયેલા વિચિત્ર અકસ્માતમાં રેતી ભરેલો ટ્રક રોડની સાઈડ પરથી નીચે ઉતરી પલટી મારી ગયો હતો. જોકે, આ બનાવમાં સદ્ધભાગ્યે કોઈ જાનહાની ન બનતા કોઈએ રાહતનો સાંસ લીધો હતો.

દાહોદ જિલ્લામાં માર્ગ અકસ્માતોની વણથંબી વણઝાર છે. વાહન ચાલકોની ગફરત તેમજ પૂર ઝરપના કારણે અવારનવાર માર્ગ અકસ્માતના બનાવો બનતા રહે છે. તારે આવો જ એક વિચિત્ર માર્ગ અકસ્માત નો બનાવ દાહોદ શહેર થી નજીક મુવાલિયા ક્રોસિંગ નજીક હાઈવે પર આજરોજ બપોરના સમયે બનવા પામ્યો હતો. જેમાં ગોધરા થી દાહોદ તરફ આવતો રેતી ભરેલો ટ્રક પોતાની દિશામાં આગળ વધી રહ્યો હતો. તે સમયે સિમેન્ટ નો ગોળો વચ્ચે આવી જતા તેના તદ્દન નજીક બાઈક ચાલક પોતાની બાઈક બેફિકરાઈ ભર્યું હંકારી લાવી રેતી ભરેલા ટ્રક સામે આવી ગયો હતો. જોકે, સમય પારખી ગયેલા રેતી ભરેલા ટ્રકના ડ્રાઈવરે સમય સૂચકતા વાપરી બાઈક ચાલકને બચાવવા માટે પોતાનો કબજાનો રેતી ભરેલો ટ્રક રોડની સાઈડમાં ઉતારતા ટ્રક રોડની સાઈડમાં પલટી મારી ગયો હતો. જેના પગલે આસપાસના લોકોના ટોળા ઘટના સ્થળે ભેગા થયા હતા.જોકે બપોરના સમયે બનેલા આ બનાવમાં સદભાગ્યે કોઈ જાનહાની ન બનવા પામતા ઘટના સ્થળે ઉપસ્થિત સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો..

લીમખેડાના દુધીયા ગામેથી બાઈકની ચોરી

દાહોદ, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના દુધીયા ગામેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ એક મોટરસાઈકલની ચોરી થયાંનું જાણવા મળે છેગત તા.૦૨ નવેમ્બરના રોજ દુધીયા ગામે મંદીર ફળિયામાં રહેતાં સંજયભાઈ હીરાભાઈ ભુરીયાએ પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ઈસમોએ મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સંજયભાઈ હીરાભાઈ ભુરીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદના સારમારીયા ગામે ખત્રીઓ (પૂર્વજો)ને છુટા કરવા મામલે મારામારી થતાં ફરિયાદ

ઝાલોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સારમારીયા ગામે ખત્રીઓ (પુર્વજો) ને છુટા કરવા મામલે થયેલ ઝઘડામાં ત્રણ જેટલા ઈસમોએ એકને ગડદાપાટ્ટુનો માર મારી તેમજ એકે તલવાર વડે કાનના ભાગે ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.ગત તા.૧૨મી નવેમ્બરના રોજ સારમારીયા ગામે પરમાર ફળિયામાં રહેતાં શૈલેષભાઈ ધારૂભાઈ પરમાર, મીનેશભાઈ ધારૂભાઈ પરમાર અને ધારૂભાઈ વરસીંગભાઈ પરમારનાઓએ પોતાના ગામમાં રહેતાં પૃથ્વીસિંહ વજેસિંહ અમલીયારના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમે અમારા ખત્રી (પુર્વજો) ને બાંધી દીધેલ છે તો ખત્રીઓને છુટા કરો, તેમ કહેતા પૃથ્વીસિંહએ કહ્યુ હતું કે, તમારા ખત્રી હું કેમ બાંધુ અને મારે શું લેવા દેવા તમારા ખત્રીઓ સાથે, તેમ કહેતાં ઉપરોક્ત ત્રણેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પૃથ્વીસિંહને ગડદાપાટ્ટુનો માર મારી એકે તલવારની અણી પૃથ્વીસિંહને કાનના ભાગે માર દઈ લોહીલુહાણ કરી નાંખતાં પૃથ્વીસિંહને કાનના ભાગે પાંચ જેટલા ટાંકા આવ્યાં હતાં.

આ સંબંધે ઈજાગ્રસ્ત પૃથ્વીસિંહ વજેસિંહ અમલીયારે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.70

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

ગોધરાના પશ્ચિમ વિસ્તારના મેડીકલ સ્ટોર્સમાં ગ્રાહકને મોંઘાભાવની શરદી-ખાંસીના ઈન્ફેકશનની ગોળી એકસપાઈરી ડેટની પધરાવી દેવાઈ

ફુડ અને ડ્રગ્સ વિભાગ આવા મેડીકલ સ્ટોર્સમાં ચેકીંગ કરી કાર્યવાહી જરૂરી.

ગોધરા, ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારના મેડીકલ સ્ટોર ઉપર થી દર્દીને ખાંસી–શરદીના ઈન્ફેકશન માટેની ગોળી ખરીદી કરેલ હોય જે ગોળી એકસપાઈરી ડેટવાળી પધરાવી દેવામાં આવી ત્યારે આવા મેડકીલ સ્ટોર્સમાં એકસપાઈરીટ ડેટવાળી દવા ગોળીઓનું વેચાણ બંધ થાય તે માટે કાર્યવાહી થાય તે જરૂરી છે.ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં અનેક મેડીકલ સ્ટોર્સ આવેલ છે અને આ મેડીકલ સ્ટોર્સ ઉપર મોટાપ્રમાણમાં ગ્રાહકો દવા ગોળીઓની ખરીદી કરતા હોય છે. દવા ગોળીની ખરીદી કરતાં મોટાભાગના લોકો દવા કે ગોળીની એકસપાયરી ડેટને ધ્યાનમાં લેતા નથી. તેનો ફાયદો મેડીકલ સ્ટોર્સના સંચાલકો ઉઠાવી રહ્યા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પશ્ચિમ વિસ્તારમાં આવેલ એક મેડીકલ સ્ટોર્સ ખાતેથી ગ્રાહકે ખાંસી–શરદીના ઈન્ફેકશન માટે ગોળી ખરીદી હતી. આ ૧૦ ગોળીના ૧૪૦૦ રૂપીયા જેવી કિંમત હોય ગ્રાહકે ગોળી ખરીદી કરવામાં આવી હોય અને આ ગોળી એકસપાયરી ડેટની નીકળેલ છે. જો આ ગોળીની આડઅસર દવા ગોળીની ખરીદી કરતાં વ્યકિત ઉપર કરે તો તેના માટે મેડીકલ સ્ટોર્સના સંચાલક જવાબદાર ગળી શકાય છે. સામાન્ય રીતે મેડીકલ સ્ટોર્સમાં દવા–ગોળીઓના સ્ટોકનું થોડા અંતરે ચેકીંગ કરીને એકસપાયરી ડેટ થયેલ દવા–ગોળીનો નાશ કરવાનો હોય છે. તેમ છતાં મેડીકલ સ્ટોર્સના સંચાલકો ઓછું ભણેલા અને વિશ્વાસની દવા ગોળી ખરીદી કરતાં ગ્રાહકો સાથે છેતરપિંડી કરતા હોય ત્યારે આવા મેડીકલ સ્ટોર્સ ઉપર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ તપાસ કાર્યવાહી કરે તે જરૂરી.

હાલોલ વિધાનસભાના ભાજપ ઉમેદવારે પરિવાર અને સમર્થકો સાથે પાવાગઢ મહાકાળી માતાના દર્શન કરી આર્શીવાદ મેળવ્યા

હાલોલ, ૧૨૮ હાલોલ વિધાનસભા બેઠક પર સતત ચાર ટર્મથી પોતાનું પ્રભુત્વ જમાવી વિધાનસભા બેઠક પોતાના નામે કરી સતત ૨૦ વર્ષથી હાલોલ વિધાનસભાની ધારાસભ્ય બેઠકે બિરાજમાન થયેલા વર્તમાન ધારાસભ્ય અને ગુજરાત રાજયના પૂર્વ મંત્રી જયદ્રથસિંહ પરમારને ૧૨૮ હાલોલ વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણી માટે ફરી એકવાર હાલોલ વિધાનસભા બેઠક માટે ભારતીય જનતા પાર્ટીના મોવડી મંડળ દ્વારા પસંદગી કરવામાં આવી છે. જેને લઈને ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર ઉર્ફે જયું દાદાના મોટી સંખ્યામાં હંમેશાથી રહેલા હાલોલ વિધાનસભા મતવિસ્તારના સમર્થકો અને ટેકોદારોમાં ભારે ઉલ્લાસ સાથે તેઓને જીતાડવાનો જોમ અને જુસ્સો જોવા મળી રહ્યો છે. ત્યારે હાલોલ વિધાનસભાના ઉમેદવાર જયદ્રથસિંહજી પરમાર પોતાના પરિવારજનો સાથે યાત્રાધામ પાવાગઢ ખાતે ડુંગરની ટોચ પર બિરાજમાન જગતજનની મહાકાળી માતાજીના દરબારમાં મહાકાળી માતાજીના સુભાષિશ મેળવવા માટે પહોંચ્યા હતા. જ્યાં જયદ્રથસિંહ પરમાર સહિત તેઓના ધર્મ પત્ની ઈલાબા, પુત્ર મયુરધ્વજસિંહ પરમાર સહિત પરિવારજનોએ મહાકાળી માતાજીના મંદિરે શ્રદ્ધા અને આસ્થા પૂર્વક ધજાજીની પૂજા અર્ચના કરી માતાજીના મંદિરના સુવર્ણ શિખર પર ધજા ચડાવી હતી અને મહાકાળી માતાજી ની પૂજા અર્ચના કરી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી માતાજીના આર્શીવાદ મેળવ્યા હતા. જે બાદ ભાજપાના ઉમેદવાર જયદ્રથસિંહ પરમારે પોતાની પ્રચંડ જીતનો આશાવાદ વ્યક્ત કર્યો હતો

ગોધરાના રોટા પ્લોટ વિસ્તારમાં લો વોલ્ટેજની સમસ્યાના ઉકેલ માટે એમજીવીસીએલને લેખિત રજુઆત

ગોધરા, ગોધરા પશ્ચિમ વિસ્તાર રોટા પ્લોટના રહિશો છેલ્લા લાંબા સમયથી લો વોલ્ટેજની સમસ્યાથી પરેશાન હોય જેનો કાયમી ઉકેલ લાવવા માટે એમ.જી.વી.સી.એલ.ને લેખિત રજુઆત કરવામાં આવી.

ગોધરાના રોટા પ્લોટ વિસ્તારમાં લો વોલ્ટેજની સમસ્યાથી લોકો પરેશાન હોય લો વોલ્ટેજના કારણે વીજ ઉપકરણોને નુકશાન થતું હોય છે. આ વિસ્તારની સમસ્યા માટે મધ્ય ગુજરાત વીજ કંપની પશ્ચિમ વિભાગ (ગોધરા સીટી) માં અનેકવાર રૂબરૂમાં રજુઆત કરવા છતાં લો વોલ્ટેજની સમસ્યાનો ઉકેલ આવે ન હોય જેને લઈ સમોલ જાફરઅલી આઈ દ્વારા આ વિસ્તારમાં લો વોલ્ટેજની સમસ્યાના ઉકેલ માટે નવી ટી–સી. ફાળવવામાં આવે તેવી માંગ સાથે લેખિત રજુઆત એમ.જી.વી.સી.એલ. નાયબ ઈજનેરને કરવામાં આવી છે.

શહેરા વિધાનસભાની ચૂંટણીને લઈને ૨૯૩ મતદાન મથકના સ્ટાફને ચૂંટણીલક્ષી તાલીમ અપાઈ

શહેરા, શહેરામાં વિધાનસભાની ચૂંટણીને લઈને વહીવટી તંત્ર સજ્જ બન્યુ છે. ચુંટણીના દિવસે ૨૯૩ મતદાન મથકમાં ફરજ બજાવનાર સ્ટાફને કાંકરી ખાતે આવેલી સરકારી વિનયન કોલેજમાં તાલીમ ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં તજજ્ઞોની ટીમ દ્વારા આપવામાં આવી હતી.

શહેરામાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતા સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણી ૫ ડિસેમ્બરના રોજ યોજાનાર છે. ત્યારે વિધાનસભા મત વિસ્તારમાં આવેલા ૨૯૩ મતદાન મથકમાં ફરજ બજાવનાર સ્ટાફ કામગીરીથી વાકેફ થાય તે માટે સરકારી વિનયન કોલેજ કાંકરી ખાતે બે દિવસ માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચૂંટણીલક્ષી તાલીમમાં ઉપસ્થિત મતદાન મથકના સ્ટાફને તજજ્ઞો દ્વારા તાલીમ દરમિયાન ઈવીએમ મશીન કઈ રીતે ઓપરેટ કરવું તે સહિત વૈધાનિક અને બિનવૈધાનિક બાબતોની સમજ આપીને ચાલુ મતદાન વખતે કરવામાં આવતી કામગીરી અંગેની સંપૂર્ણ સમજ આપવામા આવી હતી. વિધાનસભા બેઠક ૧૨૪ ના ચૂંટણી અધિકારી એન.કે. પ્રજાપતિ અને મદદનીશ ચૂંટણી અધિકારી એન.બી. મોદીએ મતદાન મથકના સ્ટાફને માર્ગદર્શન સાથે જરૂરી સુચનાઓ પણ આપવામાં આવી હતી. તાલુકામાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીની રંગત જામી હોય ત્યારે ભાજપ દ્વારા જેઠાભાઈ ભરવાડને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હોય જ્યારે આમ આદમી પાર્ટી માંથી તખતસિંહ સોલંકીને ઉમેદવાર તરીકે જાહેર કરવા સાથે કોંગ્રેસ પક્ષ દ્વારા હજુ સુધી ઉમેદવારનું નામ જાહેર કરવામાં નહિ આવતા ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવનાર હાલ દોડધામ કરી રહયા છે.

શહેરાના સીમલેટબેટ ફળીયાની ૨૦ વર્ષીય પરણિતા મહેલાણ બસ સ્ટેશન પાસેથી ગુમ થતાં ફરિયાદ

શહેરા, શહેરા તાલુકાના સીમલેટ બેટ ફળીયામાં રહેતી ૨૦ વર્ષીય પરણિતા ઘરેથી કહયા વગર કયાંક નિકળી ગુમ થઈ જતાં પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના સીમલેટ બેટ ફળીયામાં રહેતી કપિલાબેન સંજયભાઈ પટેલીયા ઉ.વ.૨૦ તા.૬ નવેમ્બરના રોજ બપોરના ૧ વાગ્યાના સમયે મહેલાણ ગામના બસ સ્ટેશન પાસેથી કોઈને કહયા વગર કયાંક ચાલ્યા જઈ ગુમ થયાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવા પામી છે.

ગોધરા વાવડી બુઝર્ગથી ૨૪ વર્ષીય યુવતિ ઘરેથી કોલેજમાં પરીક્ષા આપવા જવા કહી કયાંક ગુમ થતાં ફરિયાદ

ગોધરા, ગોધરા વાવડી બુઝર્ગ સત્યમ આમ્રકુંજ સોસાયટીમાં રહેતા ૨૪ વર્ષીય યુવતિ પિતાના ઘરેથી કોલેજમાં પરીક્ષા આપવા માટે જવાનું કહી નિકળ્યા બાદ કયાંક ગુમ થયાની ફરિયાદ નોંધાવા પામી છે.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા વાવડી બુઝર્ગ સત્યમ આમ્રકુંજ સોસાયટીમાં રહેતી પ્રિયંકાબેન ગીરવતસિંહ બારીયા જે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી હોય અને પોતાના પિતાના ઘરેથી કોલેજમાં પરીક્ષા આપવા જવાનું કહી નીકળી હતી અને કોલેજમાં પરીક્ષા આપવા નહિ જઈ કે ઘરે પરત નહિ આવી કયાંક ગુમ થઈ જતાં ગોધરા એ ડીવીઝને ફરિયાદ નોંધાવા પામી.

શહેરામાં પાનમ ટોલનાકા પાસે ચેકીંગ પોસ્ટ ઉભી કરાઈ

શહેરા, શહેરા સહિત સમગ્ર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીને લઈને તંત્ર સજ્જ બનવા સાથે પસાર થતા હાઈવે માર્ગ ઉપર ચેક પોસ્ટ ઉભી કરવામાં આવી છે. જ્યારે જિલ્લાના પાનમ ટોલનાકા પાસે એસ.એસ.ટી.ની ટીમ દ્વારા જિલ્લામાં પ્રવેશતા તમામ વાહનોનું કડક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકની વિધાનસભાની ચૂંટણીને લઈને અનેક જગ્યાએ ચેક પોસ્ટ ઉભી કરવામાં આવી છે. ત્યારે શહેરા લુણાવાડા હાઈવે માર્ગ ઉપર પાનમ ટોલનાકા પાસે જિલ્લામાં પ્રવેશતા વાહનોનું ચેકિંગ એસ.એસ.ટી.ની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે. વાહનોને ઉભા રાખીને વાહનોના નંબર પણ લખવામાં આવવા સાથે ક્યાંથી ક્યાં જઈ રહ્યા હોય તેની પૂછપરછ પણ કરવામાં આવતી હોય છે. જોકે, વાહન ચેકિંગ દરમિયાન કોઈ શંકાસ્પદ વાહન હોય તો તે વાહન ના જરૂરી કાગળો સાથે ડીકીમાં રહેલ થેલા તેમજ બેંગો પણ ચેકિંગ કરવામાં આવતી હોય છે. અત્યાર સુધી એસ.એસ.ટી.ની ટીમ દ્વારા ૩૦૦૦ કરતા વધુ વાહનોનું ચેકિંગ કરવામાં આવવા સાથે નંબર પણ લખવામાં આવતા હોવા સાથે કોઈ પણ રોકડ રકમ કે દારૂનો જથ્થો સહિત અન્ય કોઈ વસ્તુ ઝડપાઈ નથી.

આમ આદમી પાર્ટી ભાજપ વિરુદ્ધ ગઠબંધનમાં સામેલ નહીં થાય મુખ્યમંત્રી કેજરીવાલ

નવીદિલ્હી, વર્ષ ૨૦૨૪માં ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ વિપક્ષને એકજૂથ કરવામાં લાગેલા નીતિશ કુમાર, મમતા બેનર્જીથી લઈને કે. ચંદ્રશેખર રાવ સુધીને દિલ્હીના મુખ્યમંત્રી અને ૨ રાજ્યોમાં સરકાર ચલાવી રહેલી આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે મોટો ઝટકો આપ્યો છે. અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં આયોજિત એક અખબારના કાર્યક્રમમાં ન માત્ર એ સ્પષ્ટ કરી દીધું કે, તેઓ ભાજપ વિરુદ્ધ ગઠબંધનમાં સામેલ નહીં થાય, પરંતુ એ વિચાર પર જ સવાલ ઊભા કરી દીધા. તેમણે એમ પણ કહ્યું કે, આ ફોર્મ્યૂલા કામ કરવાનો નથી.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વિપક્ષી એકતાને લઈને પૂછ્યું કે, તેનું લક્ષ્ય સાથે મળીને હરાવવાનું છે, પરંતુ તેમણે ભાજપને હરાવવાનો ઠેકો કઈ રીતે લીધો? આ કામ તો જનતાનું છે. આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'લોકો વિપક્ષી એકતા ઈચ્છતા નથી, લોકો આશા રાખે છે. વિપક્ષી એકતાનો શું અર્થ છે? બધા વિપક્ષ મળીને આવો ભાજપને હરાવીએ છીએ, એ જ તો છે. ભાજપને હરાવવાનો ઠેકો કઈ રીતે લઈ લીધો? આપણે તો લોકતંત્રમાં રહી છીએ. ભાજપને હરાવવાનો ઠેકો તે (જનતા) લેશે, ભાજપને હરાવવી હશે તો હરાવી દેશે.

અરવિંદ કેજરીવાલે ઈશારાઓમાં કહ્યું કે, વિપક્ષી પાર્ટીઓ માત્ર ભાજપને હરાવવાની વાત કરી રહી છે, દેશ સામે એજન્ડા રાખી રહી નથી, તે રોડ મેપ બતાવી રહી નથી કે કઈ રીતે લોકોની જિંદગી બદલાશે. તમારે જનતાને જઈને એ બતાવવાનું છે કે અમને વોટ આપો, અમે તમારી જિંદગી આ પ્રકારે બદલી દઈશું. તમારે તેમને આશા આપવી જોઈએ. દેશને એજન્ડા, દેશને એક રોડમેપ આપવો જોઈએ કે અમે ૫ વર્ષ વર્ષમાં તમારી જિંદગી અને દેશને લઈ રીતે આગળ લઈ જઈશું.

જે દિવસે દેશને એજન્ડા પસંદ આવી ગયો તે ભાજપને પોતે હરાવી દેશે. ભાજપને હરાવવાની જવાબદારી તેમના પર છોડી દો. આ જે છે કે બધા મળીને ચાલો ભાજપને હરાવીએ. મને લાગે છે કે તે કામ કરતું નથી. હું નવો છું, રાજનીતિમાં થઈ શકે કે મને સમજ ન હોય. દિલ્હી અને પંજાબમાં સત્તા હાંસલ કર્યા બાદ ગુજરાત અને હિમાચલમાં પણ વિસ્તાર યોજના પર કામ કરી રહેલી આમ આદમી પાર્ટીએ પોતાના સંયોજક અરવિંદ કેજરીવાલને પહેલા જ વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરી દીધા છે.

આમ આદમી પાર્ટી કહી ચૂકી છે કે, વર્ષ ૨૦૨૪માં મોદી વર્સિસ કેજરીવાલ થવા જઈ રહ્યું છે. કેજરીવાલ જ મોદીનો વિકલ્પ બની શકે છે. જો કે, પોતે અરવિંદ કેજરીવાલે આ મુદ્દા પર સ્પષ્ટ કહ્યું નહોતું. જો કે, હવે જે પ્રકારે તેમણે વિપક્ષી એકતાના વિચાર પર સવાલ ઉઠાવ્યા છે તેને વર્ષ ૨૦૨૪ના ચૂંટણી દંગલમાં એકલા ઉતરવાની જાહેરાત તરીકે જોવામાં આવી રહ્યું છે. તે નીતિશ કુમાર, મમતા બેનર્જી અને કેસીઆર જેવા નેતાઓ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે, જે ભાજપ વિરુદ્ધ વિપક્ષને એકજૂથ કરવા માગે છે. જો કે ભાજપ આ બધાને વડાપ્રધાન પદ માટે મહત્ત્વકાંક્ષી બતાવતા તેમની એકજૂથતા પર સવાલ ઉઠાવતી રહી છે.

ઈંગલિશ પ્રીમિયર લીગની ટોચની ક્લબ લિવરપૂલ ખરીદવા મુકેશ અંબાણી મેદાનમાં

નવી દિલ્હી, વિશ્વના આઠમાં સૌથી અમીર વ્યકિત મુકેશ અંબાણી ઈંગલિશ પ્રીમિયર લીગની ટોચની ક્લબ લિવરપૂલ ખરીદવા મેદાનમાં ઉતર્યા છે. ક્લબના હાલના માલિક ફેનવે સ્પોર્ટસ ગ્રુપે તેને વેચવાનું એલાન કરી દીધું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ૯જીય ૪ બિલિયન પાઉન્ડમાં ક્લબને વેચવા તૈયાર છે. લગભગ ૯૦ બિલિયન પાઉન્ડની નેટવર્થ સાથે ફોર્બ્સ દ્વારા અંબાણીને વિશ્વના આઠમા સૌથી ધનિક વ્યકિત તરીકે નામ આપવામાં આવ્યું હતું. તેમણે ક્લબ ખરીદવામાં રસ દાખવ્યો છે. ૯જીય જેણે ૨૦૧૦માં લિવરપૂલની કમાન સંભાળી હતી તેણે આ અઠવાડિયાની શરૂઆતમાં એવું કહીને ફૂટબોલ વિશ્વને સ્તબ્ધ કરી દીધું હતું કે તે ક્લબને વેચવા માટે તૈયાર છે.

અગાઉ વર્ષ ૨૧૦માં જ્યારે આ ક્લબનું વેચાણ થયું હતું ત્યારે પણ અંબાણીનું નામ વહેતું થયેલું પણ એ સમયે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિકે અધિકૃત રીતે આ સમાચારોનું ખંડન કર્યું હતું.

ગોધરામાં પોલીસની સંયુકત ઓપરેશનમાં પશુધારા, ખેરના લાકડાના જથ્થો સહિત પાસાના પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા

પંચમહાલ જીલ્લાની મેગા કોમ્બીંગ કામગીરી....

- પંચમહાલ પોલીસે જીલ્લામાં ૨૦ હંગામી ચેકપોસ્ટ બનાવી.
- કાયદો અને વ્યવસ્થાને લઈ ૧૮૭૧ વ્યકિતઓની અટકાયત કરાઈ.
- કોર્ટમાં હાજર ન રહેતા ૬૩૩ ઈસમો સામે બિનજામીનપાત્ર વોરંટની બજવણી ૧૩ વોન્ટેડ આરોપી ઝડપી લેવાયા.
- જીલ્લામાં ૯૫૨ હથિયારો જમા લેવાયા.

ગોધરા, ગોધરામાં પોલીસ દ્વારા વિધાનસભા ચુંટણીને ધ્યાનમાં રાખીને મેગા કોમ્બીંગ અને સર્ચીંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ ઈસમોને પશુધારા હેઠળ ઝડપી પાડયા જયારે ગેરકાયદેસર ખેરના લાકડાનો જથ્થો તેમજ પાંચ ઈસમો વિરૂદ્ધ પાસાની કાર્યવાહી હાથ ધરવામાં આવી. ગોધરા એલ.સી.બી.પોલીસ, એસ.ઓ.જી.પોલીસ, એ ડીવીઝન, બી ડીવીઝન અને તાલુકા પોલીસ દ્વારા વિધાનસભા ચુંટણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મેગાસર્ચ અને કોમ્બીંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન એક જગ્યાએથી કતલ માટે ગોંધી રાખેલ બે જીવતા પશુઓ ગૌવંશના કતલના સાધનો અને વાહનો મળી ૬,૪૧,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યા. આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ સોહેલ ઉર્ફે દેવો ઐયુબ રજાક, અનવર હુસેન લતીફ મહમદ ગુણીયા, ઈદ્રીશ અબ્દુલ રજાક ઈસ્માઈલવાળાને ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે અન્ય એક સ્થળે થી કતલ માટે ગોંધી રાખેલ વાછરડા નંગ–૬ કિંમત ૧૮,૦૦૦/–રૂપીયાને બચાવી લેવામાં આવ્યા. સર્ચની કામગીરી દરમિયાન ટ્રક નંબર જીજે.૦૯.વાય.૬૧૦૩૬ માંથી ગેરકાયદેસર ખેરના લાકડાનો જથ્થો મળી આવતાં ફોરેસ્ટ વિભાગને બોલાવીને ૧૨,૦૦,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ પકડવામાં આવ્યો.પોલીસના સર્ચ દરમિયાન માથાભારે ઈસમો સિકંદર ઈશાક બેલી, ઓવેશ આરીફ ભોચું, ઈસ્માઈલ યાકુબ બોકડા, જુબેર એહમદ બુમલા, યામીન ઉર્ફે ટાઈગર સુલેમાનને પાસા હેઠળ ઝડપી પાડી જેલમાં મોકલી આપવાની તજવીજ હાથ ધરી.